Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૮ મું
અંક ૮ મો

સંવત ૧૯૯૭
ફાલ્ગુન



પ્રકાશક:—
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. સ્વજ્ઞાતિવત્સલતાનો મહિમા (કાકાન્યોક્તિ.) ... (કવિ રેવાશંકર વાલજી બધેકા.) ૨૦૫

૨. અન્યોક્તિનું પદ્યમાં વિવરણ... ... ... ( " " ) ૨૦૬

૩. ક્ષમાધર મેતાર્ય મુનિ. ... ... ...(મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ. ૨૦૭

૪. શ્રી શાંતિજિન સ્તવન ... ... ... (છોટાલાલ નાગરદાસ દોશી.) ૨૦૯

૫. ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય : અનુવાદ .. ... (ડો. ભગવાનદાસ મ. મહેતા.) ૨૧૦

૬. સત્સંગ ... ... ... ... (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.) ૨૧૩

૭. પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને
ત્યાગધર્મ જ કેમ આપ્યો? ... (મુનિ હંસસાગરજી મહારાજ) ૨૧૮

૮. સેવક કિમ અવગણીયે? ... ... ... ... ...(રા. ચોકસી) ૨૨૧

૯. વિચાર પુષ્પો. ... ... ... ...(મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ) ૨૨૩

૧૦. સદ્વૃત્તિ. ... ... ... ... ..(કનૈયાલાલ જ. રાવળ બી. એ.) ૨૨૫

૧૧. પરમાત્માનું અધિરાજ્ય (અનુવાદ). ... ... (શ્રી ચંપતરાય જી જૈની.) ૨૨૭

૧૨. સ્વીકાર સમાલોચના ... ... ... ... ... ... ૨૨૯

૧૩. શ્રી વાસુપૂજ્ય ચરિત્ર માટે પૂજ્યપાદ પ્રવર્ત્તકજી મહારાજનો અભિપ્રાય ... ૨૩૦

૧૪. વર્તમાન સમાચાર. .... ... ... ... .. .. ૨૩૧


## અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ભેટ.

આ સભાના પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને આ સભા તરફથી ગયા પોષ માસના અંકમાં જણાવેલા ભેટના પુસ્તકો મોકલવાનું કાર્ય શરૂ થયેલ છે. જે જે લાઇફ મેમ્બરોને ભેટના ગ્રંથો પહોંચ્યા છે તેઓમાંથી કેટલાએક બંધુઓએ આવા સુંદર અને ઉદારતાપૂર્વક સભાએ આપેલ ભેટના પુસ્તકો માટે પોતાનો આનંદ જણાવ્યો છે.

ઘણી જ થોડી નકલો સીલીકે છે.

## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિત્ય પાઠ કરવા લાયક નવસ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર તથા રત્નાકર પચ્ચીશી અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, ઉપર જૈની સુંદર અક્ષરોથી છપાયેલ છે. શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુમહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. કિંમત માત્ર રૂા. ૦-૪-૦ ચાર આના તથા પોસ્ટેજ રૂા. ૦-૧-૩ મળી મંગાવનારે રૂા. ૦-૫-૩ ની ટિકિટો એક બુક માટે મોકલવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૩૮ મું : આત્મ સં. ૪૫ : વીર સં. ૨૪૬૭ : ફાગણ :
અંક : ૮ મો : * * વિક્રમ સં. ૧૯૯૭ : માર્ચ :

## स्वज्ञातिवत्सलतानो महिमा.

### काकान्योक्ति–

शार्दूलविक्रीडित वृत्त–

गात्रं ते मलिनं, तथा श्रवणयोरुद्वेगकृत्ङ्केकृत्,
भक्षं सर्वमपि, स्वभावचपलं, दुश्चेष्टितं ते सदा ।
एतैर्वायस संगतोस्यविनयैर्दोषैरमीभि परं,
यत् "सर्वत्र कुटुम्बवत्सलमति" स्तेनैव धन्यो भवान् ॥

વહાલા વાચકબન્ધુઓ ! આ અમૌલિક માનવજીવન સાફલ્ય થવા ઘણા ઘણા સદ્ગુણોની આવશ્યકતા છે, તે પૈકી કુટુમ્બવત્સલતા એ એક મહાન્ કર્તવ્ય છે. ઉપરની અન્યોક્તિદ્વારા એક કવિ ઉત્તમ પ્રકારની સૂચના આપે છે. જગતભરનું સૂક્ષ્મ અવલોકન કરતાં કાક પક્ષીની કુટુમ્બવત્સલતા દૃષ્ટિગોચર થતાં જ સહજ ઊર્મિઓ કવિહૃદયમાં ઉદ્ભવ પામે છે, અને તે હૃદયોદ્ગારો નીચેના શ્લોકથી વાચક-વિચારક સજ્જનો પાસે રજૂ કરે છે કેઃ—

भो ! काकः ( અયે કાગડા ! ) તારું શરીર ઘણું મલિન છે, તથા તારો કર્ણ-કઠોર સ્વર અપ્રિય-ઉદ્વેગ ઉત્પન્ન કરાવનારો છે. વળી તું સર્વભક્ષી છો, તારો સ્વભાવ પણ અતિ ચંચળ છે, એવા એવા અનેક દોષથી તું ભરપૂર છો; છતાં–

એ બધા દોષોને ન્યાયના એક પલ્લામાં નાંખી, સામેના બીજા પલ્લામાં મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તારો એક જ મહાન્ ગુણ ( કુટુમ્બવત્સલતા ) મૂકીને તોલ કરતાં જરૂર બીજું પલ્લું નમે છે, અને મારા હૃદયમાંથી સ્વાભાવિક ઉદ્ગારે પ્રગટાયમાન થાય છે કે **धन्यो भवान् ! !**

અહાહા ! ! ! શું કુટુમ્બવત્સલતાનું ગૌરવ છે ?

શાણા સજ્જનો ! માનવમુસાફરીનાં ઇતિકર્તવ્યતાનાં ગંભીર સૂત્રોમાં કેટલું મહત્ત્વ સમાયલું છે ? આપણે માત્ર વિવિધરંગી સંપત્તિ પ્રાપ્ત કરી તેનો કેવળ સ્વસુખાર્થે ઉપભોગ કરી રાચવાનું નથી હો ! !

આપણી સ્વજ્ઞાતિ-સ્નેહી સંબંધીઓ-સમાજ એ સૌનો આપણી સમૃધ્ધિના ઉપભોગમાં લ્હાવો લઇએ, તો જ એ સંપત્તિના ખરા સ્વાદ માણી શકીએ. એક ક્ષુદ્ર પ્રાણી કાગડો પણ ભક્ષ-ભોજન પ્રાપ્ત થતાં જ આસપાસના સ્વજનબન્ધુઓને ઉચ્ચ સ્વરે બોલાવી સૌ એકત્ર થઇ જમે-રમે છે. એ વત્સલતાના ગુણની તો બલિહારી જ છે. બન્ધુઓ ! આપણે એકલપેટા ( પેટભરા ) થઇ આ કાગકૃતિમાંથી પણ બાતલ ગણાઇશું ? નહિ ! નહિ ! ! નહિ જ ! ! ! આપણે માનવ તો आत्मवत् सर्वभूतेषु એ પ્રમાણે જ કરીએ-વર્તીએ-આચરીએ ! ! !

## ઉપરની અન્યોક્તિનું સંક્ષિપ્ત પદ્ય.

હરિગીત છંદ.

હે કાગ ! તારાં અંગ મેલાં, વાણી કર્ણકઠોર છે,
તું સર્વભક્ષી-પક્ષી છો, ચાંચલ્યચિત્ત નઠોર છે;
અવગુણો એમ અનેક પણ, ગુણ એક સૌથી મહાન્ છે,
"કૌટુમ્બી વત્સલતા" હૃદે, धन्योऽसि શબ્દે માન છે. ૧

દોહરા.

પેટ ભરે પોતાતણું, માણે વિધવિધ સુખ;
**ઉદરંભર** એવાથકી, પ્રભુ છે સદા વિમુખ. ૧
સ્વજનોને સંભાળવા, સ્નેહભરિત સહકાર;
પરમાર્થે પ્રીતિ ધરે, સફળ એ જ સંસાર. ૨
"આત્માનંદ પ્રકાશ" આ, માસિકનો સદ્બોધ;
અન્યોક્તિથી ઓળખો, શાણાઓ કરી શોધ. ૩
વસંત વિકસ્યો વિશ્વમાં, રમ્યક રૂડે રંગ;
વાચકનાં અન્યોક્તિથી, વિકસો અંગે અંગ ! ! ! ૪
મહત્ પુરુષ માખણ ગ્રહે, ગ્રહે છતહિણા છાશ;
નીચ બુધ્ધિ નરકે પડે, વડાને મુક્તિવાસ. ૫

ભાવનગર-વડવા,
સં. ૧૯૯૭ મહાશિવરાત્રિ

લી. સન્માર્ગશોધક બોધક,
રેવાશંકર વાલજી બધેકા
નીતિ-ધર્મોપદેશક-ઉ. કન્યાશાળા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.

# ક્ષમાધર મૈતાર્ય મુનિ.

શમદમ ગુણે યુક્ત, શુદ્ધચારિત્રવંત જે;
પ્રશમરસમાં મગ્ન, નમું મુનિ મૈતાર્યને ॥૧॥
હરિયાલી વાડી સમો,
મનોહર હતો મગધદેશ;
મહાવીરની તપશ્ચર્યા-
અને ઉપદેશનું,
ગૂંજન હતું શેરીએ શેરીએ,
મગધ એટલે ધર્મસામ્રાજ્ય,
શાસનકર્તા ભવ્ય હતો-
પ્રતાપી શ્રેણિક,
બુદ્ધિના સાગર સમાન;
નિર્ભય અને ધીર, વીર,
રાજ્યમંત્રી હતો અભયકુમાર.
મહાવીરભક્ત શ્રેણિક,
પૂજતો પ્રતિદિન પ્રભુને,
અષ્ટોત્તર સુવર્ણ જવવડે.

☆ ☆ ☆

દેવેન્દ્રના ઉદ્યાન નન્દનવનમાં,
ખેલનાર વૈમાનિકો,
પ્રગાઢ મૈત્રી ધારતા બે મિત્રો,
દેવાયુઃ ક્ષયે એક અવતર્યો,
રાજગૃહ નગરે કોટ્યાધિપતિ,
ધનવાન શ્રેષ્ઠી ઋષભદત્તને ત્યાં,
ધર્મબોધ દેવા કહ્યું હતું-
શ્રેષ્ઠીપુત્ર મૈતાર્ય દેવમિત્રને દેવભવમાં,
અને પછી તો વિલાસી થયો,
એ ધનપતિનો લાડીલો,
પ્રસંગોપાત ધર્મબોધ દેતો મિત્ર,
ને વિનવતો ચારિત્ર ગ્રહણ કરવા;
આઠ આઠ વનિતાઓને પરણતાં-
વરઘોડા ભંગ કર્યા દેવમિત્રે,
ને બોધ દીધો દીક્ષા લેવા.
ખિન્ન થયો મૈતાર્ય-
ને ચાલ્યો જંગલમાં દૂર દૂર,
વનમાં નિહાળ્યા પદ્માસનસ્થ-
ધ્યાનસ્થ, તપસ્વી કો' મુનિવરને.
પ્રણિપાત કરી સ્થાન લીધું,
ને આદર્યો મુનિએ ઉપદેશ,
યૌવન, ધન આદિને વર્ણવ્યાં,
ઇન્દ્ર-ધનુષ્યના રંગ સમાં અસ્થિર,
પૌદ્ગલિક વાંછનાઓને-
સાબિત કરી મિથ્યાભાવ સમી,
ક્ષણ વારમાં જાતિસ્મરણજ્ઞાન થયું,
અને ઇચ્છા જાગી મૈતાર્યને,
દીક્ષાભાવ અંગીકાર કરવાની,
પ્રગટ થયો દેવમિત્ર
ને આગ્રહ કર્યો ચારિત્ર માટે,
છતાં લુપ્ત થયા સર્વ નિશ્ચયો,
સંસારના રાગના પ્રલોભનબળે,
અને ઇચ્છા જણાવી,
શ્રેણિકની પુત્રીને પરણવાની,
દેવમિત્રે મિત્ર માટે પુનઃ પુનઃ
ભેટ અર્પી વિવિધ સ્વર્ણની-
મહારાજ શ્રેણિકને.
અને પ્રદર્શિત કરી મિત્રની ઇચ્છા,
પ્રત્યુત્તરે શ્રેણિક વદ્યા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" રત્ન સોપાન બદ્ધ,
સુવર્ણની પાળવાળાં;
પદ્મવૃન્દમય સરોવરે,
નિહાળું શ્રેષ્ઠિનંદનને વિહરતો,
પછી જ સમર્પું કન્યકા."
રચના કરી હેવે મિત્ર અર્થે,
અને કન્યા સમર્પી શ્રેણિકે મૈતાર્યને,
સંસારના રંગ માણ્યા ન માણ્યા,
ને વૈરાગ્ય થતાં લીધું ઉત્તમ ચારિત્ર,
આદર્યો કઠોર ઇન્દ્રિયનિગ્રહ.
વિહરવા લાગ્યા એ સમભાવી,
ક્ષમા છે આદર્શ જેનો,
એવા મુનિ મૈતાર્ય.

☆ ☆ ☆

માસક્ષમણના ઉપવાસના પારણે–
પધાર્યા મુનિ મૈતાર્ય,
શુદ્ધ આહારની શોધમાં;
સોનાર ઘડતો તો સુવર્ણજવ,
સત્કાર્યા મુનિવરને ભિક્ષાર્થે,
ગૃહમાં ગયો મોદક લાવવા,
ધર્મપ્રેમી સોનાર ઉલટભેર,
સુવર્ણજવ ગળી લીધા,
દિવાલ પર બેઠેલા ક્રૌંચ પક્ષીએ,
સુવર્ણના ભારથી ન ઉડાયું,
એ છેતરાયેલા પક્ષીથી,
ભિક્ષા અર્પતા સોનારે,
ન જેયા સુવર્ણજવ,
મુનિવરને ચોર માન્યા;
મૌન સેવ્યું મુનિએ,
સોનારના જવાબમાં;
સત્ય વચને ક્રૌંચ હણાય,
અસત્ય વચને ધર્મ જાય,
મૌન જ હિતાવહ માન્યું મુનિએ.
મુનિવરને બાંધ્યા સોનારે–
લીલા ચર્મના બંધને,
હાડ લાગ્યાં તડતડવા,
નસો લાગી તૂટવા,
ચામડી ફાટવા લાગી,
મુનિએ માની આ ક્રૂર શિક્ષાને,
ક્ષમાવૃત્તિની કસોટી.
યાદ કર્યા પૂર્વના મુનિવરોનાં–
ઉપસર્ગો અને પરિષહો,
અખંડ રહ્યા શુભ ભાવનામાં,
પામ્યા કેવલજ્ઞાન અને–
સિધાવ્યા નિર્વાણપંથે.
સોની ડર્યો નિજ અપકૃત્યથી,
ગુન્હો છૂપાવવા ભૂમીએ–
નાંખી કાષ્ઠની ભારી,
પોતાનાં ગુપ્ત આવાસમાં.
લાકડાંના અવાજે ડર્યો ક્રૌંચ;
ને વિષ્ટામાં કાઢ્યા સુવર્ણજવ,
સોનીએ નિહાળ્યાં જવ.
ને આદર્યો પશ્ચાત્તાપ,
ગ્રહણ કર્યા મુનિના વસ્ત્રો,
ભાવથી સ્વીકાર્યો ચારિત્રભાવ.
અને આદરી આત્મસાધનની,
અત્યન્ત ઘોર તપશ્ચર્યા.
ક્ષમાશીલ મુનિની કથા,
સમભાવ ને ક્ષમાના દૃષ્ટાન્તરૂપ;
ગાવા લાગ્યા આબાલવૃદ્ધ નરનારી,
"ધન્ય ! ધન્ય !! અવતાર મૈતાર્ય મુનિવર."
ક્ષમાથી શત્રુ મિત્ર બને,
અને મિત્રમાં સંસ્કારની સારી છાપ પડે.
મહાત્માઓના પ્રત્યેક જીવનઆદર્શો–
જીવનને ધન્ય બનાવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુમય જીવન અર્પે,
એવા શમ-દમ ગુણે શોભતા,
મુનિવર જીવન ધન્ય છે,
અનુકરણ કરી ધન્ય થઇએ.

खंती सुहाण मूलं मूलं धमस्स उत्तमा खंती ।
हरइ महाविज्जा इव, खंती दुरियाइं सयलाइं ॥२९४॥

સુખ મૂળ ક્ષમા, ઉત્તમ મૂળ ધર્મનું ક્ષમા,
મહાવિદ્યાની જેમ સકળ દુરિતોને ક્ષમા હરે છે.

# ✻ શ્રી શાંતિજિન સ્તવન. ✻

( નાગરવેલીઓ રોપાવ-એ રાગ )

મેરી પ્રાર્થના ધરજે, પ્રભુજી હેત લાવીને;
અમારાં દુર્ગુણો હરજે, પ્રભુજી હેત લાવીને.

પ્યારા શાંતિ પ્રભુજી જાચું, તારું શરણું ભવોભવ યાચું;
મારી અજ્ઞાનતા દૂળાવ, પ્રભુજી હેત લાવીને... મેરી૦ ૧
ગજપુર નયર મનોહર સારી, વિશ્વસેન નૃપતિ ભારી;
માતા અચિરાના કુમાર, પ્રભુજી હેત લાવીને... મેરી૦ ૨
મેઘરથ ભવમાં પ્રભુજી પાખ્યો, શરણે પારેવો એક રાખ્યો;
મૃગલંછન ચરણે ધાર, પ્રભુજી હેત લાવીને... મેરી૦ ૩
ચાલીશ ધનુષ દેહ સમ સોહે, કંચનવર્ણી કાયા મોહે;
દર્શન આપીને કૃતાર્થો રાજ, પ્રભુજી હેત લાવીને... મેરી૦ ૪
લક્ષ વર્ષનું આયુષ્ય પાળી, પો'ચ્યા મોક્ષપુરી મોઝારી;
કેવળજ્ઞાનના ધરનાર, પ્રભુજી હેત લાવીને... મેરી૦ ૫
દુ:ખ સહુ કાપો દયાળુ સ્વામી, મોક્ષતણી પદવી હું પામી;
તરીશું પાપથી સદા ય, પ્રભુજી હેત લાવીને... મેરી૦ ૬
સંવત ઓગણી સત્તાણું સુરાજે, માર્ગશીર્ષ તૃતીયા દિન આજે;
ગાયે કિંકર "છો ટમ" રાસ, પ્રભુજી હેત લાવીને... મેરી૦ ૭

શ્રી છોટાલાલ નાગરદાસ દોશી—વાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડૉ. ભગવાનદાસ મન:સુખભાઇ મહેતા

મહાકવિ શ્રી હરિચંદ્રવિરચિત–

# શ્રી ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય.

## સમશ્લોકી અનુવાદ (સટીક)

(ગતાંક પૃષ્ઠ ૧૯૨ થી શરૂ.)

વંશસ્થ વૃત્ત.

જ્યું અર્થને વાણી અનિંદ્યલક્ષણા, જ્યું ધન્વીને ચાપલતા ય સદ્ગુણા;
જ્યું ભાનુને નિર્મલ તો વિભા અતિ, તે તેમ તે ભૂપતિને સુહાવતી. ૬૨.
ને એકદા તે રમણી ચૂડામણિ, અંત:પુરે શેખર દેખી ભૂ-ધણી;
અચિંત્ય ચિંતામણિ તેહ અર્થિને, વિકાસી નેત્રે ઇમ ચિંતવે મને. ૬૩.
" અનિંદ્ય આ નેત્ર-ચકોર ચંદ્રિકા, જેણે રચી તે વિધિ અન્ય છે જ કો:
જો નાંહિ–એ વેદનથી યુતા થકી, આવું થયું કાંત સુરૂપ શે નકી ? ૬૪.
ગ્રહી લીધી સૌરભ કર્ણિકારથી, કસ્તૂરી કાંતિ ફલ ઇક્ષુકાંડથી;
લીધો ન ક્યાંથી ગુણ સાર એમ વા, તેનું વિધિએ તનુ સાર સર્જવા ? ૬૫.
વપુ વયો વેષ વિવેક વાગ્મિતા, વિલાસ વંશ વ્રત વૈભવાદિકા;
સમસ્ત તેવા અહિંઆ પ્રકાશતા, જેવા ક્વચિત્ વ્યસ્ત ન તે ય ભાસતા. ૬૬
ન સ્વર્ગનારી નહિં નાગકન્યકા, ન ચક્રવર્તીની ય કોઈ વલ્લભા;
થઇ થશે છે–જસ અંગકાંતિએ, સુયોગ્ય એનું ઉપમાન આપિએ. ૬૭.

---

૬૨. અનિન્દ્ય–નિર્દોષ લક્ષણવાળી વાણી જેમ અર્થને શોભાવે, ગુણયુક્ત ધનુષ્યલતા જેમ ધનુર્ધારીને શોભાવે, નિર્મલ વિભા જેમ રવિને શોભાવે તેમ તે સુવ્રતા દેવી તે ભૂપાલને શોભાવતી હતી–**માલોપમા** અને **શ્લેષ.**

અનિન્દ્ય લક્ષણ–બાહ્યાભ્યંતર પ્રશસ્ત લક્ષણ; નિર્દોષ વાણીના લક્ષણ (પ્રસાદ, કોમલત્વાદિ) સદ્ગુણા–સદ્ગુણવાળી, ગુણ–દોરી સહિત.

૬૩ હવે એક દિવસ અંત:પુરની મરતકમાળા જેવી તે સુવ્રતા દેવીને જોઇને, અર્થિજનો પ્રત્યે અચિંત્ય ચિંતામણિ તે રાજા, આંખો વિસ્ફારતો સતો, આમ ચિંતવવા લાગ્યો:–**અતિશયોક્તિ.**

૬૪. " ચક્ષુરૂપ ચકોરને ચંદ્રિકા જેવી પ્રશસ્ત રૂપવાળી આ દેવીને જેણે રચી છે, તે વિધાતા કોઈ બીજો જ છે. જો એમ ન હોય તો વેદનાથી યુક્ત એવા તેનાથી આવું કાંતિવાળું સુરૂપ શી રીતે થયું ?—**અતિશયોક્તિ.** વેદના–શ્લેષ: (૧) જ્ઞાન, (૨) પીડા.

૬૫. કર્ણિકાર પુષ્પમાંથી સૌરભ, મૃગમદમાંથી કાંતિ, ઇક્ષુકાંડમાંથી કાંતિ લીધી; આમ વિધિએ તેનું ઉત્તમ શરીર સર્જવા માટે ક્યાંથી સાર ગુણ નથી લીધો ?—**તદ્ગુણ**

૬૬. વપુ, વય, વેષ, વિવેક, વક્તાપણું, વિલાસ, વંશ, વ્રત અને વૈભવ આદિ સમસ્ત એનામાં એવા પ્રકાશે છે, કે જેવા તે વ્યસ્ત પણ ક્યાં ય પ્રકાશતા નથી. વ્યસ્ત=છૂટાછૂટા. **લાટાનુપ્રાસ** અને **સમુચ્ચય.**

૬૭. એવી કોઈ દેવાંગના કે નાગકન્યકા કે ચક્રવર્તીની કોઇ પણ પ્રિયા થઇ નથી, થશે નહિં, કે છે નહિં–કે જેના અંગની કાંતિવડે એનું અમે યોગ્ય ઉપમાન આપીએ. **પ્રતીપ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અસાર સંસાર મરુસ્થલીમહીં, કલાંતિહરો નેત્ર-વિહંગ મોદતો;**
**નવીન તારુણ્ય તરુ ય તેહનો, વાધ્યો-સિંચ્યો શું પૂરથી પીયૂષના!** ૬૮.
**તો યે તરુ એહ યથર્તુગામિનું, અમે ન પામ્યા ફલ પુત્ર નામનું;**
**અનન્ય સંધાર્ય ભૂભાર ખિન્ન શું, તેથી અમારું મન નિત્ય દૂભતું.** ૬૯.
**સહસ્રધા ગોત્રજ છે જનો છતાં, કોના મનો નંદન વિણ નંદતા?**
**ભલે ગ્રહો તારકથી ભર્યું ભલું, વિધુ વિના દિઙ્મુખ હોય શ્યામલું.** ૭૦.
**ના ચંદનો ના કિરણો ય ચંદના, ઇંદીવરસ્રગ્ ન સુધાછટા ય ના;**
**સુતાંગના સ્પર્શસુખોની નિસ્તુલા, પામી શકે સોળમીયે ખરે! કલા.** ૭૧.
**મ્હારો કુલાંકૂર ન દેખતી સતી, સ્વભોગ યોગ્યાશ્રય ભંગ શંકતી;**
**અશંસયે વંશશ્રી માહરી અતિ, ઉચ્છવાસ નાંખી કરપદ્મ શોષતી.** ૭૨.
**નયો વિના શૌર્ય, નભઃ રવિ વિના, વનો વિના સિંહ, નિશા શશિ વિના;**
**શોભે અમારૂં કુલ તેમ એહ ના, પ્રતાપ આદિ યુત પુત્રની વિના.** ૭૩.
**તેથી જઉં ક્યાં? કરું શું ય દુષ્કર? વા કામદાયી ભજું કયો સુરેશ્વર?"**
**એ ઇષ્ટ ચિંતા ચકડોળમાં ચડયું, એનું મનઃ નિશ્ચલ ક્યાં ય ના થયું.** ૭૪.

શાર્દૂલવિક્રીડિત.

**એવું જ્યાં નૃપ તેહ ચિંતન કરે નેત્રો સ્વ વિસ્ફારતો,**
**નિર્વાયુ સ્થિર પદ્મના સરતણા સૌંદર્યને ચોરતો;**

---

૬૮. અસાર સંસારરૂપ મરુભૂમિમાં ખેદ હરનારો તથા આંખરૂપ પંખીને આનંદ ઉપજાવનારો, એવો તેનો નવયૌવનરૂપ તરુ અત્યંત વૃદ્ધિ પામ્યો છે, તે જાણે અમૃતના પૂરથી સિંચાયો હોયની! **રૂપક અને ઉત્પ્રેક્ષાનો સંકર.**

૬૯. તોપણુ આ ઋતુ અનુસારગામી તરુનું અમે પુત્ર નામનું ફળ પામ્યા નથી, તેથી કરીને બીજાથી જેનો ભાર ઉપાડાતો નથી એવા ખેદ પામેલા જનની જેમ અમારું મન નિત્ય દૂભાય છે-**વિશેષોક્તિ.**

૭૦. હજારો ગમે ગોત્રજ જનો હોવા છતાં, કોનું મન નંદન-પુત્ર વિના આનંદ પામે? ભલે તારા અને ગ્રહોથી ભર્યું હોય, છતાં ચંદ્ર વિના દિશામુખ શ્યામલું જ રહે છે-**અર્થાન્તરન્યાસ અલંકાર.**

૭૧. પુત્રના અંગસ્પર્શના સુખોની અતુલ એવી સોળમી કળાને પણ, ચંદન કે ચંદ્રકિરણ, કે ઇંદીવરમાળા કે અમૃતછટા પામતા નથી. **ઉદાત્ત અલંકાર.**

૭૨. મારા કુલનો અંકુર નહિં દેખતાં, પોતાના ભોગને યોગ્ય આશ્રયનો ભંગ થશે એમ શંકા પામતી, મારી વંશલક્ષ્મી ખરેખર! ઉચ્છ્વાસ નાંખીને પોતાના હાથમાં રહેલા કમલને શોષ પમાડી રહી છે! **ઉત્પ્રેક્ષા**

૭૩. જેમ પરાક્રમ વિના નય (નીતિ), સૂર્ય વિના આકાશ, કેસરી વિના વન, ચંદ્ર વિના રાત્રિ, તેમ પ્રતાપ-લક્ષ્મી-બળ-કાંતિ આદિથી યુક્ત પુત્ર વિના, અમારું કુલ શોભતું નથી. **વિનોક્તિ અલંકાર.**

૭૪. તેથી હું ક્યાં જઉં? એવું દુષ્કર શું કરું? કે વાંચ્છિત દેનારા કયા સુરેશ્વરને ભજું?"-એવા પ્રકારે ઇષ્ટ ચિંતાચક્રમાં ચડી ગયેલું નૃપતિનું ચિત્ત ક્યાં ય સ્થિર ન થયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં આવ્યો વનપાલ વાંચ્છિત તરુ સદ્દબીજ શું રોપતો,
રોમાંચાંકુર ધારતો નયનથી હર્ષાશ્રુઓ સારતો. ૭૫

દ્રુતવિલંબિત.

પછી છડીવરથી રજુ તે થયો, વિનયથી શ્રીસભાપતિને નમ્યો;
સુમતિ તે વનપાલ સુધાઝરા, વચન એહ વદ્યો દુરિતોહરા. ૭૬.

શાર્દૂલવિક્રીડિત.

પૂર્ણિમા શશિ શું દિગંબર પથાલંકારરૂપી અતિ,
કોઇ ચારણ મુનિ હાલ ઉતર્યા ઉદ્યાનમાં વ્યોમથી;
જેના પાદપ્રસાદથી અપર શું ? પુષ્પાંકુરોના છલે,
વૃક્ષોએ ય અકાલ ભૂપતિ ! ધર્યા રોમાંચ પ્રીતિબલે. ૭૭

શાલિની.

ક્રીડાશૈલે સ્થિત પદ્માસને જે, વીંટયા તત્ત્વાભ્યાસી સાધુગણે જે;
જાણીતું છે નામ જેનું પ્રચેતા, સાચું તે તો ત્યાં કરંતા રહેતા. ૭૮.

શાર્દૂલવિક્રીડિત.

એવી જાણી અકાલ ઉત્સવ કરી આશ્ચર્ય ઉત્પાદિની,
જ્યોત્સ્ના શી યતિ-યામિનીપતિતણી વાર્તા કલમોચ્છેદિની;
દૃગ્ બે ઇંદુમણિ બની નૃપકરે અંભોજલીલા ધરી,
પારાવાર મનો સુનંદન પરાનંદ પ્રવાધ્યો વળી. ૭૯

॥ इति द्वितीयः सर्गः ॥

---

૭૫. રાજા આમ જ્યાં આંખો વિસ્તારી ચિંતવતો સતો, નિર્વાયુ સ્થિર પદ્મસરના સૌંદર્યની શોભા ધરતો હતો, ત્યાં જાણે વાંચ્છિત વૃક્ષનું બીજ વાવતો હોય, એવો ઉદ્યાનપાલ આવ્યો;-કે જે રોમાંચના અંકુર ધારતો હતો અને આંખમાંથી હર્ષના આંસુ સારતો હતો. **ઉત્પ્રેક્ષા** અને **ઉપમા.**

૭૬. પછી છડીધરે તે વનપાલની નૃપતિ પાસે રજુઆત કરી, એટલે તે વિનયથી રાજાને પ્રણમ્યો અને પછી તે સુબુદ્ધિવંત, દુરિત હરનારા અને અમૃત ઝરનારા, આવા વચન ઉચ્ચર્યો:—**પરિકર.**

૭૭. "પૂર્ણિમાના ચંદ્ર જેમ દિગંબર પથના અલંકારરૂપ એવા કોઇ ચારણમુનિ, હમણાં અંતરિક્ષમાંથી ઉદ્યાનમાં ઉતર્યા છે, જેના ચરણપસાયથી બીજું તો શું ? હે રાજન્! વૃક્ષોએ પણ પ્રીતિવશે કરી, પુષ્પાંકુરોના બહાને, અકાળે રોમાંચ ધારણ કર્યાં છે! **અપહ્નુતિ અને ઉપમા.**

૭૮. ક્રીડાપર્વતના પૃષ્ઠ પર જે પદ્માસને બિરાજ્યા છે, તત્ત્વાભ્યાસી મુનિગણથી જે પરિવરેલા છે અને જેનું 'પ્રચેતા' એવું પ્રસિદ્ધ નામ છે, એવા તે તે નામને યથાર્થ કરતા સતા, ત્યાં સ્થિતિ કરી રહ્યા છે. **પરિકર અલંકાર.**

૭૯. એવા પ્રકારે, તે યતિ-ચંદ્રની-જ્યોત્સ્ના જેવી વિસ્મય ઉપજાવનારી, અકાલ ઉત્સવ પ્રવર્ત્તાવનારી અને ખેદ હરનારી વાર્તા, તેની પાસેથી જાણીને,-તે રાજાની બે આંખ તો ઈંદુમણિ-ચંદ્રકાંતમણિ બની ગઈ, ( ચંદ્રદર્શને ચંદ્રકાંત ગળે તેમ તેની આંખમાં હર્ષાશ્રુ ગળવા લાગ્યા ). તેના કરે અંભોજલીલા ધારણ કરી ( ચંદ્રદર્શને કુમુદ વિકાસ થાય તેમ વિકાસ પામ્યા ); અને તેનો પરમાનંદ પારાવાર જળ-સમુદ્રજળ બની ગયો ( ચંદ્રદર્શને સમુદ્રોલ્લાસ થાય તેમ ). **ઉપમા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

# સત્સંગ.

માનવીને સત્સંગની અત્યંત આવશ્યકતા છે, કારણ કે સત્સંગ સિવાય આત્મિક વિકાસ થઈ શકતો નથી માટે અસતસ્વરૂપ પૌદ્ગલિક વસ્તુઓને છોડી દઈને સત્સ્વરૂપ આત્માનો સંગ કરવો જોઈએ. સત્ એટલે ત્રણે કાળમાં વિદ્યમાન અખંડ જ્ઞાન, દર્શન, જીવન અને સુખસ્વરૂપી આત્મા જ છે અને જડ વસ્તુઓ ક્ષણવિનશ્વર હોવાથી અસત્ છે. અને તે સૂક્ષ્મ પરમાણુઓના સંયોગસ્વરૂપ હોવાથી વિખરાઈ જવાના સ્વભાવવાળી છે, માટે તેનો સંગ ત્યાગવા યોગ્ય છે. અથવા તો પુદ્ગલાનંદીપણાથી પરાઙ્મુખ થઈને આત્મસ્વરૂપમાં મગ્ન રહેનારા વિષયવિરક્ત આત્માઓ સત્ કહેવાય છે. એવા પુરુષોનો સંગ તે સત્સંગ અને પરપૌદ્ગલિક વસ્તુઓમાં મગ્ન રહેનારા વિષયાસક્ત જીવો અસત્ કહેવાય છે. એવા જીવોને સંગકુસંગ કહેવાય છે. સત્સંગી આત્માને પવિત્ર બનાવી શાશ્વતું સુખ મેળવી શકે છે અને કુસંગી આત્માને મલિન બનાવી માઠી ગતિઓના-દુઃખોના ભોક્તા બને છે. સત્ વસ્તુને ઓળખનારા અને તેની શ્રદ્ધા રાખનારા આત્માઓ જ સાચું બોલી શકે છે અને સાચી પ્રવૃત્તિ કરી શકે છે. તેમજ તેમની સંગતમાં રહેનાર આત્માઓને સન્માર્ગે દોરીને તેમનું પરમ કલ્યાણ કરી શકે છે. આવા આત્માઓ સમ્યગ્જ્ઞાની હોવાથી વૈષયિક સુખોથી વિમુખ રહેલા હોય છે કારણ કે તેઓ સાચા સુખના અનુભવી હોવાથી વૈષયિક સુખને દુઃખરૂપે જ માને છે, જેથી કરીને તેમનો આત્મા ક્ષુદ્ર વૈષયિક વાસનાથી રહિત હોવાથી પોતાના આશ્રિતોને અવળે માર્ગે દોરતો નથી. સત્પુરુષો અનુભવજ્ઞાનવાળા હોવાથી તેમને પોથીના જ્ઞાનની ખાસ જરૂરત હોતી નથી. પોથીમાં લખેલાં જ્ઞાની પુરુષોના વિચારો મોહનીયકર્મના ક્ષય કે ક્ષયોપશમ વગરના જીવોને મોહનીયના ક્ષયોપશમ અથવા ક્ષય કરવાને માટે નિમિત્તભૂત થઈ શકે છે ખરા, પણ જેને મોહનીયનો ક્ષયોપશમ થવાથી મનોવૃત્તિમાં આત્મવિકાસનો પ્રકાશ પડતો હોય તેઓ પોથીઓ ન વાંચે તો પણ ચાલી શકે છે; કારણ કે તેમણે વાંચવા-ભણવાનું ફળ સમ્યગ્જ્ઞાન તે મેળવેલું હોય છે, તેમને સ્પર્શબોધ થયેલો હોય છે.

મોહનીયના ક્ષયોપશમ વગરના એકલા જ્ઞાનાવરણીયના ક્ષયોપશમવાળા આત્માઓ જે પુસ્તકો વાંચીને જ્ઞાનીપુરુષોના વિચારોને જાણે છે તેઓ મોહના દબાણને લઈને મિથ્યાભિમાનને તાબે થાય છે અને પોતે જ્ઞાની હોવાનો દાવો કરે છે, પરંતુ મહામોહના આવેશથી તેમની પ્રવૃત્તિઓ અજ્ઞાનતાની સૂચક હોય છે, અર્થાત્ રાગદ્વેષથી ભરપૂર અભણ માણસોની જેમ કષાય અને વિષયોથી કલુષિત થએલી હોય છે જેથી કરીને તેઓ અજ્ઞાની જ કહેવાય છે, છતાં વ્યવહારમાં માણસો તેમને વિદ્વાન્ કહીને બોલાવે છે, આવા કહેવાતા વિદ્વાનો અસત્‌ને આવકાર આપવાવાળા હોવાથી અને અસત્‌ના ઉપાસક હોવાથી સત્પુરુષોની પંક્તિમાં ભળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતા નથી. એવાઓની સંગતથી કોઈ પણ વ્યક્તિ પોતાનું શ્રેય સાધી શકતો નથી. જ્યાં સુધી મોહનીયનો ક્ષય અથવા ક્ષયોપશમ કરીને સ્વરૂપરમણતારૂપ જ્ઞાન પ્રાપ્ત થાય નહીં ત્યાં સુધી પારકા જ્ઞાને જ્ઞાની બની શકાય નહીં. પારકા જ્ઞાને જ્ઞાની બનેલા પારકું જ્ઞાન બીજાને બતાવી તેમના કરેલા પૂજા, સત્કાર અને આવકારથી ફૂલાઇ જઈને પોતાના જાણપણાના મિથ્યાભિમાનથી બીજાના પ્રતિ તિરસ્કારની દૃષ્ટિથી જુવે છે તે એક પ્રકારની અધમતા છે આવા પુરૂષો પામર હોવાથી સત્ થઈ શકતા નથી.

સત્પુરુષોની નિરંતર સૌમ્ય અને નિર્વિકાર દૃષ્ટિ હોય છે. તેમની છાયામાં રહેનાર ગમે તેટલો પાપી અને દુરાચારી કેમ ન હોય છતાં પાપપ્રવૃત્તિ છોડી દઇને સદાચારી બને છે; કારણ કે સત્પુરુષોનો આત્મા પવિત્ર અને ઉચ્ચ કોટીનો હોય છે, એમને સંસારની કોઈ પણ વિકૃતિ અસર કરી શકતી નથી, એમની ભાવનાબળથી જ અનેક જીવોનું ભલું થઇ શકે છે. આવા પુરુષોના દર્શન માત્રથી પ્રાણીઓને પરમ શાંતિ અને સંતોષ પ્રાપ્ત થાય છે, તેમજ અજ્ઞાનતાથી થતી મૂંઝવણો દૂર થઇ જાય છે. એમની વાણીમાં વિષયોનું વિષ દૂર કરવાની અજબ શક્તિ રહેલી હોય છે. આવા પુરુષોનો સંગ તે સત્સંગ કહેવાય છે, અને તે પોતાના આત્માને પવિત્ર બનાવી ભાવ સંપત્તિ મેળવવાની ઇચ્છાવાળા અવશ્ય કરે છે. સાચા સંતપુરુષો વસ્તુસ્થિતિને જાણવાવાળા જ્ઞાની હોવાથી એમને કષાય વિષયો કનડતા નથી. પૌદ્ગલિક વસ્તુઓમાં ઈષ્ટાનિષ્ટપણું ન હોવાથી એમની કોઈ સ્તુતિ કરે કે નિંદા કરે બંને ઉપર સમદૃષ્ટિપણું હોય છે. સ્તુતિ કરવાથી હર્ષના આવેશમાં મિથ્યાભિમાનને તાબે થતાં નથી અને નિંદા કરવાથી દિલગીર થતાં નથી. તેમજ પોતાની સ્તુતિ કરાવવા ખોટો ડોળ પણ કરતા નથી. કોઈ આદરસત્કાર કરો કે ન કરો તેની કાંઇ પણ પરવા રાખતા નથી. પોતે જે નામથી ઓળખાય છે તે દેહનું બનાવટી નામ રાખેલું છે, પણ આત્માનું નથી એમ સાચી રીતે જાણતા હોવાથી દેહની સાથે જ વિણસી જવાવાળા નામને અમર કરવા માટે માયા, પ્રપંચ તથા અસત્ય અથવા તો અસત્પદાર્થના આશ્રિત બની કિંમતી માનવ–જીવન વેડફી નાંખી આત્માને કર્મથી ભારે બનાવતા નથી.

અસત્ જડ પદાર્થોમાંથી જેમની મનોવૃત્તિયો વિરામ પામી ગઇ છે એવા પૂજ્ય પુરુષો નિરંતર આત્મપરિણતિમાં રમનારા હોવાથી પરપરિણતિમાં રમવારૂપ વ્યભિચારથી મુક્ત હોય છે. પૌદ્ગલિક વસ્તુઓ પુદ્ગલને પોષે છે પણ આત્માને પોષતી નથી આવી તેમની અટલ શ્રદ્ધા હોવાથી જીવનમાં ઉપયોગી પૌદ્ગલિક વસ્તુઓનો અનાસક્તિપણે ઉપયોગ કરે છે, તેમને રસલોલુપતા હોતી નથી. આત્મકલ્યાણના સાધનભૂત દેહને ટકાવી રાખવા પૂરતો જ આહારાદિનો ઉપયોગ કરે છે. પ્રભુના માર્ગથી ભૂલા પડવાના ભયથી મોહનીયના ઔદયિક ભાવની પ્રેરણાની અસર થવા દેતા નથી અને હમેશાં અપ્રમત્ત રહે છે. પોતાને આશ્રિત રહેલી અથવા તો પોતે જેના આશ્રયમાં રહેલાં હોય છે એવી પૌદ્ગલિક વસ્તુઓમાં મમતા ન હોવાથી તેના ક્ષણવિનશ્વર સ્વભાવ પ્રમાણે તેમાં થતાં પરિવર્તનથી જરાએ મુંઝાતા નથી, પણ હમેશાં સમભાવમાં જ રહેલાં હોય છે. જન્મમરણની વિકટ સમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્યાનો સાચી રીતે ઊકેલ કરેલો હોવાથી મૃત્યુથી ભયભીત થતાં નથી પણ તેનો અંત લાવવાને નિરંતર પ્રયાસવાળા હોય છે. આત્મ-દર્શનની ઉત્સુકતાવાળા હોવાથી અનાત્મ તત્ત્વની વિચિત્ર પ્રકારની ખૂબીઓ નિહાળવાને વખત ગાળતા નથી. સંચિત અશુભના ઉદયથી અનેક પ્રકારના વિઘ્નો આવવા છતાં પણ નિરુત્સાહ બની સાધ્ય કાર્યમાં નબળાઇ જાહેર કરતા નથી. એમની મન, વચન, કાયાની પ્રવૃત્તિમાં ભિન્નતા હોતી નથી; કારણ કે ચૈતન્ય જગતમાં વિચરનારને જડ જગતના પદાર્થોની આવશ્યકતા હોતી નથી એટલે તેમને માયા, પ્રપંચ કે અસત્યના આશ્રિત બનવાની જરૂરત રહેતી નથી. જડ જગતમાં વિચરનારાઓનો આત્મા દુર્બળ થઈ ગએલો હોવાથી તેમના જીવન, આનંદ અને સુખ જડપદાર્થોના આશ્રિત બની જાય છે જેથી કરીને તેમને એક ક્ષણ પણ જડ પદાર્થ વગર ચાલી શકતું નથી. એટલા માટે તે જડ વસ્તુઓ મેળવવા તેમને અસત્ય તથા માયા–પ્રપંચ કરવો પડે છે અને તેથી કરીને જ તેમના મન, વચન અને કાયાના વ્યાપારમાં ભિન્નતા આવી જાય છે.

મહાપુરુષો પોતે સત્‌ના સાથી હોવાથી નિરંતર સત્યનું જ અવલંબન લેનારા હોય છે, માટે તેઓ વસ્તુનું સત્ય સ્વરૂપ જ પ્રરૂપે છે. અસત્‌સ્વરૂપ પાંચે ઇંદ્રિયોના વિષયોથી પરાઙ્-મુખ હોવાથી તેમના વાસ્તવિક સ્વરૂપની સત્યતાને ગોપવતા નથી. પાંચે ઇંદ્રિયોના વિષયો આત્મસ્વરૂપને ઢાંકી દે છે માટે વિષયા-નંદી જીવોને પરસ્વરૂપ જ સ્વસ્વરૂપે ભાસતું હોવાથી આત્મસ્વરૂપ સુખ તથા આનંદ મેળવી શકતા નથી, જેથી કરીને વિષયાનંદી જીવોને રાગદ્વેષને તાબે રહેવું પડે છે, કે જે એક અસત્‌ વસ્તુમાં અગ્રસ્થાન ભોગવે છે. આ બાબતનું સમ્યગ્‌જ્ઞાન સત્પુરુષોને હોય છે કે જેથી કરીને આનંદ તથા સુખ માટે વિષયની વાટે ગમન કરનારાઓને પાછા વાળીને સુખના માર્ગની સાચી દિશા બતાવે છે, અને એટલા માટે જ તેઓ નિઃસ્વાર્થી હોય છે. સ્વસ્વરૂપથી અણજાણ પરસ્વરૂપમાં રમનાર જ સ્વાર્થી હોય છે, કારણ કે વિષયોની તૃપ્તિ માટે પૌદ્‌ગલિક વસ્તુઓ મેળ-વવાની ઇચ્છા તે સ્વાર્થ અને તદનુસાર પ્રવૃત્તિ કરવી તે સ્વાર્થિક પ્રવૃત્તિ કહેવાય છે. મહાપુરુષોને આવી પ્રવૃત્તિ કરવાની આવ-શ્યકતા હોતી નથી, કારણ કે તેઓને જડના ધર્મોની સર્વથા અનાવશ્યકતા સમજાયેલી હોય છે અને નિઃસ્વાર્થી હોવાથી તેઓ માયા-પ્રપંચથી મુક્ત હોય છે કે જેથી કરીને તેમને ક્ષુદ્રવાસનાની તૃપ્તિને માટે લોકોની પાસેથી પૌદ્‌ગલિક સાધનો મેળવવા જ્ઞાની, ત્યાગી, તપસ્વી અને ધ્યાનીપણાનો ખોટો આડંબર કરવો પડતો નથી. અંતરાત્મદશામાં વિચર-નારા સંતપુરુષોને કાંઇક અંશે આત્મિક સુખ તથા આનંદનો અનુભવ થયેલો હોવાથી બહિરાત્મદશાવાળાઓના પ્રિય પૌદ્‌ગલિક આનંદ તથા સુખને તુચ્છ સમજે છે એટલે તેમની મનોવૃત્તિઓ પૌદ્‌ગલિક વસ્તુઓ મેળ-વવા બાહ્યના જગતમાં ભટકતી નથી, પરંતુ અંતર્જગતમાં સ્થિરતાથી શાંતપણે રહેલી હોય છે, અને તેથી કરીને જ તેઓ સાચા આનંદના ભોક્તા હોય છે; કારણ કે સાચા આનંદ તથા સુખમાં વૃત્તિઓની ચંચળતા-અસ્થિરતા હોતી નથી. વૃત્તિઓને ચંચળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવનાર મોહનીયનો ઔદયિકભાવ હોય છે અને તે પૌદ્ગલિક હોવાથી ક્ષાયોપશમિક કે ક્ષાયિક ભાવસ્વરૂપ સુખ તથા આનંદ આત્મિક ધર્મને સ્પર્શી શકતો નથી. જેમ તળાવમાં પવનના સંસર્ગથી તરંગો ઉછળે છે તે એક વિકૃતિ હોય છે પણ પ્રકૃતિ હોતી નથી, તેમ કર્મની પ્રેરણાથી થવાવાળી વૃત્તિઓની ચંચળતા તે વિકૃતિ છે પણ પ્રકૃતિ નથી, માટે જે સુખ તથા આનંદમાં ચંચળતા રહેલી છે તે વિકૃતિસ્વરૂપ સુખ કહેવાય છે; પ્રકૃતિસ્વરૂપ નથી કહેવાતું. અંતરાત્મદશાવાળામાં ક્ષાયોપશમિકભાવ હોવાથી પ્રકૃતિસ્વરૂપ શુદ્ધ સુખના ભોક્તા હોય છે.

મહાપુરુષો વિષયોના આશ્રિત ન હોવાથી જ એમને ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયો તથા હાસ્યાદિ નોકષાયોને આદરવાની જરૂરત હોતી નથી. કષાયનોકષાયનો આદર વિષયોને માટે જ થાય છે. જો કે કષાય અને વિષય બંને ઓતપ્રોત રહેલાં છે, કારણ કે રાગદ્વેષનો સમાવેશ કષાયમાં થાય છે. જે જડ ધર્મસ્વરૂપ ઇંદ્રિયના વિષયોમાં રાગદ્વેષ હોય છે તેને વિષય તરિકે કહેવામાં આવે છે; પણ જે ઇંદ્રિયોના વિષયોમાં રાગ–દ્વેષના અભાવસ્વરૂપ સમભાવ હોય છે તે વિષય નથી કહેવાતા પણ વસ્તુનો બોધ માત્ર કહેવાય છે. મોહનીયના ક્ષયોપશમ કે ઉપશમનવાળાને વસ્તુનો બોધ કરવા ઇંદ્રિયોની જરૂરત પડે છે પણ સર્વથા મોહનીયના ક્ષયવાળાને ઇંદ્રિયોની જરૂરત પડતી નથી, માટે સમભાવે ઇંદ્રિયોના વિષયોને ગ્રહણ કરવા તે બોધ અને વિષમભાવે ગ્રહણ કરવા તે વિષય. આવા વિષયને માટે રાગદ્વેષની જરૂરત પડે છે અને તે કષાયસ્વરૂપ હોવાથી વિષયાનંદી આત્માઓ વિષય માટે કષાયનો આદર કરે છે, પણ વિષયવિરક્ત મહાત્માઓ કષાયથી મુક્ત હોય છે. સત્પુરુષો જ્ઞાન, દર્શન, ચારિત્ર, જીવન, સુખ આદિ પોતાની સાચી સંપત્તિ મેળવવાના કામી હોવાથી પારકી પૌદ્ગલિક સંપત્તિના નિરુચ્છક હોય છે; તેમજ અણસમજણમાં ગ્રહણ કરેલી પરસંપત્તિને ત્યાગવાવાળા હોય છે, અને નવી પૌદ્ગલિક વસ્તુને ગ્રહણ કરતા નથી; કારણ કે તેઓ સમજે છે કે પૌદ્ગલિક વસ્તુઓ આત્મિક સંપત્તિ ખોયા સિવાય મળતી નથી અને એક વખત ખોયેલી આત્મિક સંપત્તિ પાછી મેળવતાં અત્યંત શ્રમ પડે છે, તેમજ ઘણા કાળ સુધી સંસારમાં રઝળવું પડે છે. આત્માને પોતાની પાસેથી સંપત્તિઓ ખોવાઇ ગયા પછી પોતાના નિર્વાહ માટે પરાધીનતા ભોગવવી પડે છે; કારણ કે પારકી વસ્તુ વાપરવાની ઇચ્છાવાળા તે વસ્તુને આધીન થયા સિવાય વાપરી શકતો નથી તેમજ તે વસ્તુ નષ્ટ ન થાય તેની પણ તેને કાળજી રાખવી પડે છે; છતાં પરવસ્તુ ક્ષણવિનશ્વર હોવાથી છેવટે નષ્ટ થઇ જાય છે અને પોતાની સંપત્તિથી દરિદ્રી બનેલો આત્મા અનેક પ્રકારની આપત્તિવિપત્તિનો આશ્રિત બને છે. સંતપુરુષો મોહની શિખવણીથી મૂંઝાતા નથી. અર્થાત સુંદર મકાન, વસ્ત્ર, ઘરેણાં, ભોજન આદિ પાંચે ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થોમાં આસક્તિવાળાં થતાં નથી, કારણ કે તેઓ પુદ્ગલસ્કંધોની રચનાથી જાણીતા હોય છે એટલે તેમને આત્મા સિવાય બીજે ક્યાંય પણ સુંદરતા જણાતી નથી. આત્મા સ્વભાવથી જ સત્–સત્ય અને સુંદર હોય છે અને તે જ્ઞાનદૃષ્ટિથી જોનાર જ્ઞાનીપુરુષોને સાચી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે જણાય છે. આંખોથી જોનારને આત્મામાં જે સુંદરતા—અસુંદરતા સારા—નરસાપણું આદિ વિકૃતિ જણાય છે તે આત્માની નથી પરંતુ કર્મજન્ય છે અને તે પુદ્ગલસ્વરૂપ છે. આત્મસ્વરૂપ જ્ઞાનથી જણાય છે, પણ આંખોથી જણાતું નથી અને એટલા માટે જ ઇંદ્રિયોથી વસ્તુનું સાચું સ્વરૂપ જાણી શકાતું નથી. કેવળ ઇંદ્રિયોથી જડ પદાર્થોનું સત્ય સ્વરૂપ જાણી શકાય નહીં તો પછી ચૈતન્યનું સાચું સ્વરૂપ કેવી રીતે જાણી શકાય ? ચૈતન્ય અખંડ નિર્વિકાર જ્ઞાનસ્વરૂપ છે અને જડ પદાર્થ પરમાણુંઓના સ્કંધસ્વરૂપ છે. જડ વસ્તુના સ્કંધોમાં નિરંતર મળવાપણું અને વિછડવાપણું થયાં કરે છે એટલે હમેશાં એક રૂપે રહેતા નથી, પરંતુ દરેક ક્ષણે પરિવર્તનશીલ હોય છે, ત્યારે આત્મા નિરંતર જ્ઞાનસ્વરૂપે રહેવાવાળો છે. જો કે આત્મામાં પરિવર્તનપણું છે પરંતુ તે સ્વરૂપે નથી પરરૂપે છે અને પૌદ્ગલિક સ્કંધોમાં સ્વરૂપથી પરિવર્તનપણું રહેલું છે, માટે અસ્થિર સ્વભાવવાળી પૌદ્ગલિક વસ્તુઓનું સ્વરૂપ આંખોથી જોનારાને અસત્ય ભાસવાથી વ્યામોહ પમાડે છે, જેથી કરીને આત્મસ્વરૂપ ભૂલી જઇને પરસ્વરૂપમાં આસક્ત થાય છે અને તેને મેળવવા નિરંતર પ્રયત્ન કરે છે, ત્યારે સત્પુરુષો આત્મસ્વરૂપને પ્રગટ કરવા પ્રયાસ કરે છે; કારણ કે એમને આત્મસ્વરૂપની ઓળખાણ હોય છે એટલે ક્ષણવિનશ્વર વસ્તુઓમાં મુંઝાતા નથી. આવા સત્પુરૂષોનો મહિમા અવર્ણનીય છે. જેઓ આવા સત્પુરુષોના સમાગમમાં રહે છે તેઓ અવશ્ય પોતે સત્ બની શકે છે અને કષાયોથી મુક્તિ મેળવી શકે છે. અનેક પ્રકારની આપત્તિવિપત્તિનો સામનો કરવાનું બળ મેળવી શકે છે. વસ્તુ માત્રનું સાચું સ્વરૂપ ઓળખીને આત્મિકવિકાસ સાધી શકે છે. ગમે તેવા વિકટ સંયોગોમાં મુઝાતાં નથી. કર્મના વિચિત્ર પ્રકારના ઉદયમાં ધૈર્યતાથી ડગતા નથી અને પૌદ્ગલિક વસ્તુઓ ઈષ્ટાનિષ્ટપણાનાં અભાવે વિષમભાવને પ્રાપ્ત થતાં નથી પણ સમભાવમાં રહે છે. સત્સંગના પ્રભાવથી અજ્ઞાનતાથી થતી અશાંતિ ટાળીને શાંતિ પ્રાપ્ત કરી શકે છે. ક્ષુદ્ર વાસનાઓથી વાસિત અંતઃકરણને શુધ્ધ બનાવી શકે છે કે જેથી કરીને ત્રિવિધ તાપ મટાડીને કલેશથી રહિત થઇ જાય છે. ક્ષમા, નમ્રતા, સરળતા, નિર્લોભતા આદિ સદ્ગુણોને પ્રગટ કરી શકે છે. મમતા રહિત થવાથી દુઃખોથી પણ મૂકાઈ જાય છે. જેને દેહને આશ્રયીને કોઈપણ પ્રકારનો સ્વાર્થ સાધવો હોય, પછી તે ધન-સંપત્તિ મેળવવાનો હોય કે ક્ષુદ્ર વાસના સંતોષવાનો હોય તેને માટે તો સત્સંગ—કુસંગ જોવાની જરૂરત રહેતી નથી. ઘણું કરીને તો પૌદ્ગલિક સ્વાર્થ કુસંગથી સાધી શકાય છે; કારણ કે પુદ્ગલાનંદી વિષયાસક્ત જીવોની સંગતથી વૈષયિક સુખના સાધનો મેળવી શકાય છે. અસત્ પદાર્થનો આદર કરનારા જ પોતાની ક્ષુદ્ર વાસના સંતોષવાને પોતાના આશ્રિતોની મનોકામના સફળ કરી શકે છે પણ સત્પુરુષો અસત્ પદાર્થથી પરાઙ્મુખ હોવાથી સ્વાર્થી જીવોને સંતોષ પમાડી શકતા નથી; માટે જ દેહાશ્રિત પૌદ્ગલિક આનંદ મેળવવાને માટે કુસંગ અત્યંત ઉપયોગી નિવડે છે, પરંતુ આત્મવિકાસ કરવાને માટે, આત્મિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક:-મુનિશ્રી હંસસાગરજી મહારાજ.

# પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ?

[ ગતાંક પૃષ્ઠ ૧૬૦ થી શરૂ. ]

## સાંસારિક સુખો તો ધર્મીને અનિચ્છાએ જ આવી મળે છે.

સંસારસુખોને પણ એ રીતે જ એ સર્વોત્તમ સદ્‌ગૃહસ્થ ધક્કો મારે છે. કારણ સ્પષ્ટ છે કે ધર્મથી જ મળતાં તે સુખોને વળગી પડીને સર્વ સુખ આપનાર ધર્મને જ વિસરી જવાની મૂર્ખાઈ માનવ જેવા ઉત્તમ ભવમાં સેવવી એ એને અલ્પ ય રોચતું નથી ! એ પુણ્યવાનનો તો એ દઢ નિશ્ચય હોય છે કે—

**સાચી સંપત્તિ જ્ઞાન, દર્શન, જીવન, સુખ તથા આનંદ મેળવવાને માટે તેમજ શાંતિ, સમતા, સમભાવ, સમ્યગ્‌જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ધર્મની પ્રાપ્તિના માટે તો સત્સંગ જ ઉપયોગી નિવડી શકે છે; કારણ કે સત્‌વસ્તુને ઓળખનારા અને તેનો આદર કરનારા સત્પુરુષો જ હોય છે. અને એવા પુરુષો જ અસત્ માર્ગે વળેલાને સત્માર્ગે લાવી શકે છે. સંસારની શેરીઓમાં ભટકતાને શાશ્વતા સિદ્ધિસ્થાને પહોંચાડી શકે છે અને જન્મ, જરા, મરણના ત્રાસમાંથી છોડાવી શકે છે; માટે મુમુક્ષુ આત્માર્થી જીવોએ સાચા સત્પુરુષોની ગવેષણા કરીને તેમનો અવશ્ય સંગ કરવો, પરંતુ અસત્સંગ તો કદાપિ કરવો નહીં; કારણ કે અસત્સંગથી આત્માનું અત્યંત અહિત થાય છે માટે અસત્ જીવોથી સદા સર્વદા દૂર રહીને સત્પુરુષોના ચરણોમાં જ દેહથી મુક્તિ મેળવવી.**

**धर्मसिद्धौ ध्रुवासिद्धिर्धुम्नप्रद्युम्नयोरपि ॥**
**दुग्धोपलम्भे सुलभासंपत्तिर्दधिसर्पिषोः ॥४७॥**

**અર્થ:**—ધર્મની સિદ્ધિ થયે સતે અર્થ અને કામની પણ સિદ્ધિ તો નિશ્ચયે છે. જેમકે દહીં અને ઘીની પણ ઇચ્છાવાળાને જો ફક્ત દૂધ જ પ્રાપ્ત હોય તો તે દહીં અને ઘીની પ્રાપ્તિ તો સુલભ જ છે.' એ જ વાતને સમર્થન કરતાં શાસ્ત્રકાર મહારાજ ફેર ફરમાવે છે કે—**यदि मोक्षफलं काले मविता धर्मशाखिनः॥ सिक्तस्तथापि संसारसौख्यच्छायां करोत्यसौ ॥ ४८ ॥**

**અર્થ**—ધર્મ કરતાં ધર્મવૃક્ષનું ફલ જે મોક્ષ છે તે ક્વચિત્ લાંબા કાળે પ્રાપ્ત થાય તો પણ એ ધર્મવૃક્ષને સીંચ્યું થકું સંસારનાં અપૂર્વ સુખોરૂપી છાયાને તો એ વૃક્ષ વિસ્તરે જ છે.

ધર્મરત્નની એવી સુન્દર અપૂર્વતા હોવાથી જ પુણ્યપુરુષો મનુષ્યભવ પામીને ધર્મને જ સેવીને માનવભવ સફલ કરે છે, તેથી તે જ સાચા પંડિત પુરુષો છે. જ્યારે ભવરસિક આત્માઓ મનુષ્ય જેવો ઉત્તમ ભવ પામ્યા પછી ખૂબ અનાચારો જ સેવવામાં માતેલા બનીને એ અનાચારરૂપી કુહાડાવડે તે ધર્મને જ છેદી નાખે છે, તે તો બાલીશો જ છે ! કહ્યું છે કે—

**अतः सिञ्चन्ति तं पुण्य-क्रियानीरेण पण्डिताः ।**
**अनाचारकुठारेण, पुनश्छिन्दन्ति बालिशाः ॥४९॥**

**અર્થ**—'ધર્મ ઓછો આરાધાય તેથી મોક્ષ દીર્ઘકાળે પ્રાપ્ત થાય છતાં પણ શેષભવોમાં સંસારનાં પણ સર્વ સુખોને તો એ આરાધેલો ધર્મ જ આપતો હોવાથી, મનુષ્ય જેવો સર્વશ્રેષ્ઠ ભવ પામીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંડિત પુરુષો પુણ્યક્રિયારૂપ જલવડે કરીને તે ધર્મ વૃક્ષને સીંચે છે ! અર્થાત્ મનુષ્યભવ પામ્યા પછી ધર્મવૃક્ષને જ સીંચનારા પંડિત પુરુષો છે. આમ છતાં મનુષ્યભવ પામીને પણ જેઓ અનાચારરૂપી કુહાડાવડે એ અપૂર્વ લાભદ ધર્મવૃક્ષને જ કાપી નાખે છે તે તો ખરેખરા બાલીશો જ છે ! !

### ધર્મ અને ધર્માનુષ્ઠાનો જ વસ્તુત: મોજશોખનાં પરમ સાધનો છે.

ઉપરોક્ત શ્રાવકકુલનો સર્વોત્તમ સદ્‌ગૃહસ્થ તો ગુણરત્નની ખાણ સમા એ ઉત્તમ કુલનું અમોલું ગુણરત્ન છે. પૂર્વ પરમપુણ્યોદયે જેનો કર્મમળ પાતળો પડયો હોય છે, ઉપશમ્યો હોય છે તે જ નિર્મળ બુદ્ધિનો સ્વામી ઉત્તરોત્તર ભાવગત ભાવ-શ્રાવકના પણ ગુણો પામવા ભાગ્યશાલી બન્યો હોય છે. એ ઉત્તમ ગુણાંતરવર્ણિત ગુણાત્માને મન સ્વોપાર્જિતવિત્તના પણ માલમલીંદા ઝેર સમાન હોય છે, તે કુલનો એ વિશિષ્ટાત્મા પરદ્રવ્યહરણાદિ પાપોપાર્જિત માલમલિંદાને તે સ્પર્શેય સ્યે ? જે કુલનો પુણ્યાત્મા પરધનથી ઉડાવાતા સેલગાહોને તો અતિ તપ્ત લોહગોળક આરોગવા તુલ્ય માને, તે કુલનો એ મહાભાગ–પરમતારક દેવ અને ગુરુવરોનાં પણ દ્રવ્યવડે જ સંસાર સુખી કરવાની કાલકુટ ઝેરી વાતોનું પાન કરાવીને શ્રાવકજીવન જ હણી નાખવા મથનારાના અત્તાચારોને ધર્મવૃક્ષના કુહાડા જ જાણીને એવા અનાચારીઓને તો **आंदकुदाला** જ માને એમાં ભાઇ કુસુમ ! તને આશ્ચર્ય લાગે છે ?

જે કુળમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવની ઘાતના વિચારમાત્રથી પણ જેને કમ્પ છૂટે, જે કુલનો આત્મા મન, વચન અને કાયાના અશુભ યોગોને ભયંકર દાવાનલ લેખીને એનાથી દૂર દૂરજ ભાગે, પરધન, પરસ્ત્રીહરણાદિની વાત તો બાજુ પર રહી, પણ સ્વધન અને સ્વસ્ત્રીને પણ નિરંતર તજી દેવા જ તલસે! એ કુળનો આત્મા આત્મનિસ્તારક દેવદ્રવ્ય અને ગુરુદ્રવ્યને પણ ઓહિયાં કરવાની બદદાનતવાળાઓની ભયંકર વાતને પણ એ હાલાહલરૂપ લાગેલા સંસારપોષણાર્થેજ થતી સ્યે સહે? એ તો સમગ્ર દુન્યવી સ્વોપાર્જિત મોજશોખોને ય પરમ આત્મવૈરી માનીને શ્રી જિનરાજકથિત ધર્મ અને ધર્માનુષ્ઠાનોને જ પરમ મોક્ષસુખના સાધનો માનીને સમગ્ર મનુષ્યભવ એમાં જ વહી નાંખવાની મજા માણતો હોય છે, કારણ કે દુન્યવી મોજશોખ પણ એ મોજમાંથી લભ્ય હોઇને વસ્તુત: મોજશોખનાં સાધનો તો ધર્મ અને ધર્માનુષ્ઠાનોજ છે ! માને મૂકી કુતરીને કોણ ધાવે ?

### શ્રાવક કુળે પુનર્લગ્નનો તો પગ જ ન હોય !

એવા ગુણવાન આત્માઓ જે કુળમાં આજે પણ સુલભ છે તે કુળની–'કરોડોની જનસંખ્યામાં' સંખ્યા પ્રાય: બાર લાખનીજ જોઇને–શ્રાવક વસ્તી વધારવાને બ્હાને ભેદી હાયવરાળદ્વારા આજે 'દેવદ્રવ્ય' ઓહિયાં કરીને સંસાર જ પુષ્ટ કરવાની બદલાલસાવાળા કેટલાક ભવભ્રમિતો-ગુણાધિવાસિત લોકોત્તર કુળમાં પણ પુનર્લગ્નનું કાલકૂટ પ્રસારવા આકાશપાતાળ ફોડવા મથતા જોઈને કયો સુજ્ઞ ખેદ ન પામે ? એ ભયંકર વિષ આવા શ્રેષ્ઠતર કુળને ગળે સ્યે ઉતરે ? જે કુળ લગ્નને ય લ્હાય માને તેને પુનર્લગ્ન સ્યે પરવડે ? એમ કરીને પણ વસ્તી તો શ્રાવકની જ વધારવાની મધલાળ બતાવનારા તેઓએ વિચારવું ઘટે કે–ઉપરોક્ત ગુણોના સ્વામી જ શ્રાવક હોય છે તો એવી કુલમર્યાદાલોપક રીતિએ વધેલી વસ્તી શ્રાવક શી રીતે ગણાશે ? 'પછી એને શ્રાવક બનાવશું' એમ કહેશો તો તમે જ કુલના છતાં ય સતત પ્રયાસેય શ્રાવક રહેવા માગતા નથી અને કુલમાંથી રાજીનામા પણ આપીને ખસવામાં જ શ્રેય: માની બતાવો છો, તો કુલાચાર પલટોતપન્ન તેને તો તમો શ્રાવક બનાવશો જ, એ વાત કયો મૂર્ખ પણ માનશે ? જેમ ઉપરોક્ત ગુણસ્વામી જ શ્રાવક હોય છે તેમ શ્રાવિકા પણ તે ગુણસ્વામીની હોય તે જ કહેવાયને ? એ શ્રાવિકાનો શ્રાવકગુણરૂપ સદ્‌ચારને અનાચારમય પુનર્લગ્નની હોળીમાં હોમ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી શ્રાવિકા રહે કે ક્ષુદ્રા? તેના સંતાનો પણ શ્રાવક બને કે સાવઝ? અનાચારો પોષવા દ્વારા વિષયલાલસાઓને જ તૃપ્ત કરવાની ભાવના હૃદયમાં ઠાંસી ઠાંસીને ન ભરી હોય તો લોકોત્તર **સમાજમાં પણ સાવઝો** જ પકાવીને **જૈન** જેવી પરમારાધ્ય, પ્રાતઃસ્મરણીય સમાજને પણ અજૈનમય જ બનાવી મૂકવાનું નિંદ્ય પગલું કોઇ ભવભીરુ ભરે? આવી સમાજનાશક વસ્તુને સમાજને ખોળે બળાત્કારે નાખવા મથતા નામચીનો પણ **જૈન** સમાજની સાચી દાઝવાળા છે, એમ જૈનો શ્યે હિસાબે ગણે? જૈન કુળથી જ સુગાઇ ઊડીને કુળથી તરી ગયલા આત્માઓને તો આવા લોકોત્તર સમાજનું અધઃપતન કરનાર પુનર્લગ્નની સળગતી સગડી જૈન સમાજની જ છાતી ઉપર ખડકવાનો હક્ક ક્યાં છે? જૈન કુળ તો એક જ અવાજ કરે છે કે શ્રાવક કુળે પુનર્લગ્નનો પગ જ ન હોય!

## સ્ત્રી સ્વાતંત્ર્ય અને સમાન હક્કની વાતો જ પોલી છે!

આર્યબાળા આર્યધર્મ કરવા સર્વતંત્રસ્વતંત્ર જ છે. સ્ત્રીના ધર્મો પતિ છીનવતો જ નથી. જેવાં કે-પતિવ્રત, સામયિક, પ્રતિક્રમણ, શ્રાવકના એકવીશ ગુણ તથા સત્તર ગુણ, અભક્ષ્ય અનંતકાયાદિ ત્યાગ, બાર વ્રત, ચૌદ નિયમ, ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમથી આરંભી માસ બે માસક્ષમણની તપશ્ચર્યા યાવત્ પંચ મહાવ્રતાદિનું પુરુષો કરતા પણ અતિ વિશાલ સંખ્યામાં આજે પણ સ્વતંત્રપણે પાલન કરતી અનેક કુલબાળાઓ પ્રત્યક્ષ અનુભવાય જ છે. સ્ત્રીનાં અંગોપાંગની સુકોમલતા, મોહકતા કે ચપલતાદિ કારણે એ અબળા પરવશ પડીને ઉપરોક્ત આત્મહિતકર ધર્મથી ભ્રષ્ટ થઇને દુર્ગતિના દુઃખો ન પામે એટલા માટે આજે પણ ઉત્તમ કુલના પુરુષો એ કુલબાળાઓને ઉત્તમ પાડોશવાળા સુલત્તામાં પણ સુરક્ષિત ગૃહે જ સ્થાપીને એ પતિવ્રતાઓના લાલનપાલન માટે જલ, સ્થલ, ભમી ભૂખ તરશ વેઠી, ટાઢ તડકા સહી, અનેક સ્થાને અથડાઇકુટાઇને મહાદુઃખે પ્રાપ્ત થતા ધનવડે પણ તેણીઓને મનગમતાં વસ્ત્રાભૂષણ અને ખાનપાન પૂરાં પાડે જ છે! ' સમાન હક્કની વાતો કરવાવાળાઓ ભોળી અબળાઓને સ્વતંત્ર બનાવીને રઝળતી કરવાવડે એનાં વ્રતો લૂંટાવીને અને પરભવહિત હણીને પણ પુરૂષોને માથેથી આ બોજો ઉતારીને પણ શું પુરુષને એક લત્તામાં ઘરમાં બેસાડીને એનું અને એના વ્રતોનું લાલનપાલન કરવાનો ઉપરોકત પુરુષ સબંધીનો ભાર સ્ત્રીઓને માથે જ લાદવા મથે છે? એ વાત કોઇ સ્ત્રી કબુલશે ખરી?

કોઇ એની છેડતી કરે તો દુઃખોપાર્જિત દ્રવ્યના ઢગવ્યયે પણ સામાની ખોડ ભૂલાવ્યા-વિના જંપે નહિ! અન્નવસ્ત્રાદિ ઘરમાં પોતે જ વસાવ્યાં હોવા છતાં એનો ઉપયોગનો સંપૂર્ણ અધિકાર તો સ્ત્રી જ કરે. ખાવું હોય તે ખાય, પીવુ હોય તે પીવે, વાપરવું હોય તે અને તેમ વાપરે! પહેરવું હોય તે અને તેમ પહેરેઓઢે! પોતાને પણ રોટલો એ કરી દે તે જ ખાય! આ ઉત્તમ કુલના પુરુષોએ કુલબાળાને સોંપેલી સ્વતંત્રતા કોઇથી છાની છે! આ સામાન્ય સ્વતંત્રતા છે! કુલબાળાને એટલું સ્વાતંત્ર સોંપ્યા છતાંય સ્ત્રી સ્વભાવાનુસાર એ પાલકસ્વામી ઉપર પણ ક્વચિત્ ધુંવાંકુવાં થાય તોય કુળમર્યાદાને જાણવાવાલા કુલીન પુરુષો સહી જ લ્યે! એ દરેક શું સ્ત્રીઓની પરતંત્રતા છે કે જેથી આજે ભોળી અબળાઓને સ્વચ્છંદી બનાવવા વાસ્તવિક સ્વાતંત્ર્યના ભોગે કૃત્રિમ સ્વાતંત્ર્ય એની સામે ખડું કરાય છે? ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક:-રા. ચોકસી.

# સેવક કિમ અવગણીએ ?

ઓગણીશમા તીર્થપતિની વાત જ અનેરી છે. અવસર્પિણી કાળનું ભલે એ એક આશ્ચર્ય લેખાય છતાં શ્રી મલ્લિજિનના જીવન પ્રતિ મીંટ માંડતાં મન કોઇ અનોખા વિચારપ્રદેશમાં ઊતરી પડે છે. દેહ નારી-જાતનો હોવા છતાં, સાધનાની દૃષ્ટિએ સર્વથી અધિકું કરી દેખાડે છે. કૈવલ્યપ્રાપ્તિમાં પ્રથમ જિન જેવાને વર્ષના વ્હાણા વાયા, અંતિમ જિનને તો એક બે નહિં પણ સાડાબાર વર્ષ જેટલો લાંબો કાળ અને ઉપસર્ગોની હારમાળા ? અરે બાળબ્રહ્મચારી એવા અરિષ્ટનેમિને પણ પાંચ પચીસ નહિં પણ ચોપન દિવસ વ્યતીત કરવા પડ્યા, ત્યારે આ ભગવતીને શકિતનાં અવતારને માત્ર ગંણત્રીના કલાક એકાદો દિવસ પણ નહીં ! મધ્યાહ્ને દીક્ષા તરત જ મનઃપર્યવ જ્ઞાન અને સંધ્યાકાળના ઓળા ઊતરે તે પૂર્વે તો અનુપમ એવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ. ઉપસર્ગ કે પરિષહનું નામ ન મળે. જેમ આમાં વિલક્ષણતાની અવધિ છે તેમ એ દ્વારા સ્ત્રીજાતિનું અનુપમ સન્માન પણ છે. નારીજાતિના ગૌરવને સબળ ઉદાહરણરૂપ બનાવ છે. જૈન ધર્મમાં ઇતર સંપ્રદાય માફક પુરુષ કે સ્ત્રી જાતિમાં ઊંચ-નીચના ભેદ પાડેલા દૃષ્ટિગોચર નથી થતાં તેમ કેવળ નારીજાતિને ઊતારી પાડવાની એકાંગી વાત પણ જોવા નથી મળતી. આત્માને જ જ્યાં મુખ્યપણે જોવાનો ત્યાં એ પ્રકારના ભેદ સંભવી પણ ન શકે. બાકી ગુણદોષની ચર્ચા સમયે સ્વભાવ પ્રતિ નજર રાખી અલબત્ત વિવિધ પ્રકારનું વર્ણન કરાયેલ જોવા મળે છે. જેમ નર્કની ખાણ કે મુકિત-રૂપી દ્વારની અર્ગલાના વિશેષણ નયનપથમાં આવે છે તેમ રત્નકુક્ષી અને ભગવતી કે મહાસતીના ઉલ્લેખો પણ આવે છે જ. એ જાતિ માટે સાતમી નર્કના દ્વાર કાયમને માટે બંધ કરી શાસ્ત્રકારોએ પણ સાચેસાચ એ રત્નગર્ભાનું મહત્ત્વ વધાર્યું છે. મલ્લિકુમારીરૂપે અવતરી, જે કાર્ય કરી બતાવ્યું એથી તો એ મહત્તા ઓર દીપી નીકળી છે.

તપ કરવામાં માયા કરી અને નારી અવતાર પામ્યા, પણ એ અવતારમાં સુવર્ણ પુતળીના દૃષ્ટાંતે પ્રબળ ને પ્રખર, કામી ને વિલાસપ્રિય રાજવીઓને એવો તો બોધપાઠ આપ્યો કે-તરવારો ખેંચી, હજારોના જાનની આહુતી ધરવા આવેલા તેઓ એક લોહીનું ટીપું પાડ્યા વિના પાછા સીધાવ્યા અને સંયમપંથના પથિકો બન્યા. એ કાળનું એ દૃષ્ટાન્ત આજે પણ એટલું જીવંત ને લાભ-દાયી છે. એ મૂક પુતળીએ, જે અનોખા ને ગૂઢ રહસ્યની પિછાન કરાવીને મુમુક્ષુ આત્માના રુંવા ખડા કરે તેવી છે. આ સ્તવનમાં પણ અધ્યાત્મમાર્ગના મુસાફરને ભગવાન મલ્લિજિન મૂકપણે જ સંદેશ આપે છે. સ્તવનમાં પ્રશ્ન શરૂ થાય છે અને જાણે પ્રભુશ્રીના સ્વરૂપ પરથી જ એનો ઉત્તર મળી જાય છે. ઓગણીશમા તીર્થપતિ પોતે કંઈ જવાબ દેતા જણાતા નથી, છતાં સ્તવનકારની ગૂંથણીમાં-એમના મૌનમાંથી જ કરેલ પ્રશ્નો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર અઢાર દોષ કેવી રીતે દૂર થયા? દોષ નષ્ટ પામતા કયા ગુણ બાધ્યા? એ વર્ણનમાંથી જડી આવે છે.

સમયાનુકૂળ આટલી લાંબી પ્રસ્તાવના પછી ચાલુ વિષયને સ્પર્શતાં સેવક કેમ અવગણીયે? એ પ્રથમ લીંટી પર ધ્યાન જાય છે.

હે મલ્લિનાથ પરમેશ્વર! કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપી અનુપમ લક્ષ્મી પામીને આ સેવક કે જેનો આશાદેવી અત્યંત આદર કરે છે એની આપ ઉપેક્ષા કેમ કરો છો? આમ સહજ પ્રશ્ન ઉદ્ભવે છે. અરે ભૂલ્યો! આ પ્રશ્ન જ આપને કરવો અસ્થાને છે. એ તો દીવા જેવી વાત છે કે આપે નિર્લોભતારૂપી ખીલી મારી આશાનું મુખ જ કાયમને માટે જડી દીધું છે. માત્ર દુન્યવી આશાનું જ નહીં પણ બારમું ગુણસ્થાનક મેળવી ખૂદ સર્વ મુમુક્ષુ જીવોને અતિ વલ્લભ એવી મુક્તિલલનાની વાંછા પણ ત્યજી દીધી છે. ત્યાં પછી સેવક પ્રતિ દાક્ષિણ્યતા કેવી? આપ સાહેબના જીવન પ્રતિ મીંટ માંડું છું ત્યારે સહજ સમજાય છે કે આપે 'તલ ને ખોળ' અથવા તો 'દૂધ ને પાણી' જુદા કરવામાં સંપૂર્ણ ચતુરાઇ વાપરી છે અથવા તો હેય, જ્ઞેય ને ઉપાદેયનો યથાર્થપણે અમલ કર્યો છે.

૧. અનાદિકાળથી મોહરાજાએ જે આચ્છાદિત કરી મેલ્યું હતું તે જ્ઞાનસ્વરૂપ આપે પૂર્ણપણે હસ્તગત કરી લીધું. એથી પેલી અજ્ઞાનદશા રિસાઈ બેઠી છે? પણ આપ હવે ઓછી જ એની ચિંતા કરવાના કે રાવ સાંભળવાના.

૨. આગમધરોએ ચાર અવસ્થા બતાવી છે. સંસારી જીવોને નિદ્રા તથા સ્વપ્ન એ બે અવસ્થા. તેરમે ગુણસ્થાનકે ભવ્યત્વના પરિપાકકાળે એ બે નષ્ટ થતાં ત્રીજી જાગ્રત અવસ્થા હોય અને ચૌદમા ગુણસ્થાનકના પ્રાંતભાગે મુક્તિગમનકાળે ચોથી ઉજાગરદશા. આપે જ્યાં એ મેળવી કે પેલી બાપડીઓ ભાગી ગઈ–રીસાઇ ગઇ; પણ એમને કયાં ખબર છે કે આપ હવે મનામણા કરવા હરગીજ જનાર નથી.

૩. લાંબા કાળથી પલ્લો પકડી બેઠેલી મિથ્યામતિ યાને મિથ્યાબુદ્ધિને કાંડું પકડીને આત્મરૂપી ઘરમાંથી પાણીચું આપ્યું અને સમકિત યાને સમ્યગ્મતિરૂપી સુંદરીને આદરપૂર્વક ઘરની પટરાણી બનાવી.

૪. કષાયના સાથીદારો નોકષાયને તો હાથીની પાછળ જેમ કુતરા હાઉ હાઉ કરે તેવા નકામા કરી મેલ્યા! ક્ષપકશ્રેણીરૂપ ગજની પીઠ પર બેઠેલા આપે એ તરફ જરા નજર સરખી પણ ન કીધી.

૫. ચારિત્રમોહનીય કર્મના બે સૂત્રધારો–ભવરૂપી બીજના ઉત્પાદકો રાગ અને દ્વેષ અને એ ઉભયની સાથે એકમેક બનેલ અવિરતિરૂપી ડાકિની માતા જ્યાં વીતરાગતાના પગલા થતાં ભાળ્યા કે રફુચક્કર થયાં.

૬. ત્રણ વેદને લગતા અભિલાષ, આપે જ્યાં ચાર અનંત સાધ્યા અર્થાત્ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર ને અનંતવીર્ય મેળવ્યા ત્યાં આપોઆપ હવામાં ઉડી ગયા. નિરભિલાષીપણું સહજ લાધ્યું.

૭. અભયદાનના દેનારા એવા આપ પાસે અંતરાયકર્મ કે એના પાંચ પ્રકારો ટકી પણ કેવી રીતે શકે? તીર્થંકરપદવીની પ્રાપ્તિ થતાં જ ચાર ઘાતીઆ કર્મોનો બોર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંગ્રાહકઃ—મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

# વિચાર–પુષ્પો.

(૧) **હે સર્વશક્તિમાન!** તું મારા હૃદયમાં વાસ કરે છે. તારા તેજથી મારી સૂતેલી વાણીને જાગ્રત કરે છે. મારા હાથ, પગ, કાન, ત્વચા વિગેરે અન્ય પ્રાણોમાં પ્રાણ રેડે છે એવા હે વીર ભગવાન! તને મારા હજારો વંદન હોજો.

(૨) આત્માની પ્રાપ્તિ હમેશાં સત્યથી, તપથી, સારી અથવા સંપૂર્ણ (રીતે પ્રાપ્ત કરેલા) જ્ઞાનથી અને બ્રહ્મચર્યથી થાય છે. પોતાના અંતઃકરણમાં નિષ્કલંક અને પ્રકાશમય સ્વરૂપમાં રહેનારા આત્માને પાપ રહિત થયેલા પ્રયત્નશીલ લોકો જોઇ શકે છે.

(૩) સત્યનો જ જય થાય છે. અસત્યનો જય થતો નથી. જે માર્ગે કૃતાર્થ થએલા મુનિઓ જાય છે અને જે માર્ગ પર સત્યનું તે પરમ નિધાન રહે છે, તે દેવોનો માર્ગ સત્યવડે જ આપણે માટે ખુલ્લો થાય છે.

(૪) દુઃખથી જે દુઃખી ન થાય, સુખની ઇચ્છા ન રાખે અને જે રાગ, ભય અને ક્રોધથી રહિત હોય તે સ્થિરબુધ્ધિ મુનિ કહેવાય છે.

(૫) વિષયોનું ચિંતવન કરનાર પુરુષને તેને વિષે આસક્તિ ઉત્પન્ન થાય છે, આસક્તિમાંથી કામના થાય છે અને કામનામાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે.

(૬) ક્રોધમાંથી મૂઢતા પેદા થાય છે, મૂઢતામાંથી ભાન ભૂલાય છે, ને ભાન જવાથી જ્ઞાનનો નાશ થાય છે. અને જેના જ્ઞાનનો નાશ થયો તે મુએલા સમાન છે.

(૭) પણ જેનું મન પોતાના કાબૂમાં છે અને જેની ઇન્દ્રિયો રાગદ્વેષ રહિત હોઈ તેને વશ વર્તે છે તે મનુષ્ય ઇન્દ્રિઓનો વ્યાપાર ચલાવતો છતો ચિત્તની પ્રસન્નતા મેળવે છે.

---

ફૂટો થઈ ગયો અને અઘાતી કર્મો તો રાંકડા બની ગયા! બિચારા મરવાના વાંકે જીવી રહ્યા!

ટૂંકમાં કહીયે તો આપે અઢારે દૂષણનો સર્વથા અંત આણ્યો. આત્મામાંથી મહાત્મા પદ મેળવ્યું અને એને કાયમને માટે પરમાત્મા પદમાં ફેરવી નાંખ્યું. આપ સાહેબના મૌનમાં મુમુક્ષુ આત્માને એ જ ઈશારો પેલી કનક પૂતળીના ઉદાહરણ સમાન જણાય છે.

એ અઢાર દૂષણવર્જિત તનુ,
મુનિજન વૃંદે ગાયા;
અવિરતિ રૂપક દોષનિરૂપણ,
નિર્દૂષણ મન ભાયા હો મલ્લિજિન.
ઇણવિધ પરખી, મન વીસરામી
જિનવર ગુણ જે ગાવે;
દીનબંધુની મહેર નજરથી,
આનંદઘન પદ પાવે–હો મલ્લિજિન.

સ્તવનની ઉપરની છેલ્લી બે કડીયો કેવું મુદ્દાસરનું બ્યાન રજુ કરે છે! મુમુક્ષુ આત્મા, અધ્યાત્મરસિક જીવડો! એમાં પોતાના પ્રશ્નનો ઉત્તર મેળવે છે.

સેવકની અવગણના ન જ હોઈ શકે—વીતરાગના માર્ગમાં સેવક શેઠ બની જાય અર્થાત્ સેવ્ય–સેવક જેવો ભાવ રહેવા જ ન પામે પણ—

જ્યાં સુધી અઢાર દૂષણ ઉભા છે ત્યાં સુધી અવગણના થવાની જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૮) ચિત્ત પ્રસન્નતાથી આનાં બધાં દુઃખો ટળે છે અને પ્રસન્નતા પામેલાની બુદ્ધિ તરત જ સ્થિર થાય છે.

(૯) જે આત્માને સમત્વ નથી તેને વિવેક નથી, તેને ભક્તિ નથી, અને જેને ભક્તિ નથી તેને શાન્તિ નથી, અને જ્યાં શાન્તિ નથી ત્યાં સુખ કયાંથી હોય ?

(૧૦) વિષયોમાં ભટકતી ઇન્દ્રિયોની પાછળ જેનું મન દોડી જાય છે, તેનું મન વાયુ જેમ નૌકાને પાણીમાં તાણી લઇ જાય છે તેમ તેની બુદ્ધિને ગમે ત્યાં તાણી લઇ જાય છે.

(૧૧) તેથી હે મહાનુભાવો ! જેની ઇન્દ્રિયો ચોમેર વિષયોમાંથી નીકળીને પોતાના વશમાં આવી ગયેલી હોય છે તેની બુદ્ધિ સ્થિર થાય છે.

(૧૨) નદીઓના પ્રવેશથી ભરાતો છતાં સમુદ્ર જેમ અચળ રહે છે તેમ જે મનુષ્યને વિષે સંસારના ભોગો શમી જાય છે તે જ શાન્તિ પામે છે; નહિ કે કામનાવાળો મનુષ્ય.

(૧૩) બધી કામનાઓને છોડી જે પુરુષ ઇચ્છા, મમતા અને અહંકાર રહિત થઇ વિચરે છે તે જ શાન્તિ પામે છે.

(૧૪) ધર્મનું આચરણ કરો. અધર્મનું નહિ. સત્ય બોલો, અસત્ય નહિ. દીર્ઘદૃષ્ટિ રાખો, ટુંકી નહિં. ઉંચી દૃષ્ટિ રાખો, નીચી નહિ.

(૧૫) હિંસા ન કરવી, સત્ય બોલવું, ચોરી ન કરવી, પવિત્રપણે પાલન કરવું, ઇન્દ્રિયોને કાબૂમાં રાખવી "अहिंसा परमो धर्मः" તે વાકય ખાસ ઉચ્ચારવું.

(૧૬) હિંસા ન કરવી, સત્ય બોલવું, ચોરી ન કરવી વિષયેચ્છા ન કરવી, ક્રોધ ન કરવો, લોભ ન કરવો; પણ જગતનાં પ્રાણીમાત્રનું કલ્યાણ કરવું તે શ્રેયસ્કર છે. દયાધર્મનો તે દરેકમાં સમાવેશ છે.

(૧૭) જે કરોડો ગ્રન્થોમાં કહેલું, જૈન આગમોમાં કહેલું તે ખરેખર આત્માર્થીને લાભદાયક છે. જૈન આગમોનો અભ્યાસ ખાસ કરવો, તેમાંથી કાંઇ ને કાંઇ મળી આવે. જાણવાનું મળે તેમાંથી ચિંતવન કરવું, મનન કરવું. તેમાંથી ધર્મનું રહસ્ય સાંભળો અને સાંભળીને હૃદયમાં ઉતારો. તે એ કે જે પોતાને પ્રતિકૂળ હોય તે બીજા પ્રત્યે ન આચરવું.

(૧૮) **હે મૂર્ખ !** ધનપ્રાપ્તિની તૃષ્ણાનો ત્યાગ કર. સદ્બુદ્ધિ કરી મનને તૃષ્ણા રહિત કર. પોતાનાં કર્મે કરીને જે કાંઇ ધન પ્રાપ્ત થાય તેથી તારા ચિત્તને પ્રસન્ન રાખ.

(૧૯) **હે ચેતન,** ધન અનર્થકારક છે એવી નિરન્તર ભાવના કર. તેમાં ખરેખર જરાયે સુખ નથી. ધનવાનોને પુત્રથી પણ બીવું પડે છે. આ રીત સર્વત્ર જાણીતી છે.

(૨૦) કામ, ક્રોધ, લોભ, મોહનો ત્યાગ કરી હું કોણ છું ? એનો વિચાર કર. જે આત્મજ્ઞાન વિનાના મૂઢ છે તે નરકમાં પડી સબડે છે.

(૨૧) કમલપત્ર પરના પાણીની માફક જીવતર અતિશય ચપળ છે. વ્યાધિ અને અભિમાનથી ઘેરાયેલો આત્મા અને શોકથી ભરેલો આ સર્વ સંસાર છે એમ જાણ.

(૨૨) વિપત્તિઓ સાચી વિપત્તિ નથી અને સંપત્તિ સાચી સંપત્તિ નથી. પ્રભુનું ભજન કરવું, ગુણગાન ગાવું તે શ્રેયસ્કર છે.

(૨૩) અહો, આ પૃથ્વી ઉપર ઉન્મત્ત હાથીઓના કુંભસ્થળને તોડી પાડનારા શૂરવીરો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી કનૈયાલાલ જગજીવન રાવળ B. A.

# સદ્ વૃત્તિ.

**સદ્‌વૃત્તિ** એટલે મનનું સારું વલણ. મનમાં ઉદ્‌ભવતી ઇચ્છાઓનો કલ્યાણકારી અને પવિત્ર માર્ગ એટલે સદ્‌વૃત્તિ. આખું જગત સદ્‌વૃત્તિથી જ ટકી રહ્યું છે; તે વગર ઘર, ગામ, દેશ, જગતનો નિભાવ થવો અશકયવત્ જ છે. આજના જગતની હયાતી બતાવે છે કે સદ્‌વૃત્તિવાળા મહાન્ આત્માઓ, સજ્જનો, મહાપુરુષો વગેરે જગત ઉપરથી અદૃશ્ય નથી થયા. સમસ્ત વિશ્વ આ સદ્‌વૃત્તિની સુખરૂપ રચનાથી જ આગળ અને આગળ પ્રગતિ સાધી રહ્યું છે. ઈતિહાસને પાને નોંધાયેલા, અમર બનેલા, મહાપુરુષોમાં સદ્‌વૃત્તિ ન હતી એમ કોણ કહી શકશે? આર્યાવર્તની પુરાણા કાળની સાધ્વી, પતિવ્રતા, સદાચરણશીલ સ્ત્રીઓમાં સદ્‌વૃત્તિનું શોણિત ઘોડાપૂર વેગે ઉછળતું હતું. તેમનાં જીવનમાં સત્યનિષ્ઠા, ઉદારદિલી, ન્યાયપ્રિયતા, વિશુદ્ધ પ્રેમ ભાવના છલબલ છલકતાં હતાં. તે ચાર તત્ત્વોને અનુકૂળ તેમના જીવન–નિર્માણ થયેલાં. આ માર્ગેથી તેઓ જરા પણ પદચ્યુત નથી થયા એ શંકા વગરની વાત છે.

---

(૨૪) સ્ત્રીઓને કામની ઇચ્છાઓમાં સંતોષ થતો નથી, તેથી સ્ત્રીઓમાં જે વિરક્તપણું રાખે તે પુરુષ ઉત્તમ કહેવાય છે.

(૨૫) પ્રાણી પ્રાયઃ અધિક પરિગ્રહને માટે આરંભ કરે છે, અને તે પ્રાણીને નિશ્ચે કરીને દુઃખની ખાણરૂપ થાય છે, તેથી પરિગ્રહની અલ્પતા કરવી જોઇએ. (ચાલુ)

---

સત્પાત્ર કોણ? કુળવાન હોય તે નહિ; આ તો લોકમાન્યતા, રૂઢિનું વેણ છે, જે સર્વત્ર અને સર્વથા સ્વીકારવા પાત્ર નથી હોતું. પણ ખરો સુપાત્ર તો સદ્‌ગુણનો જે ભંડાર હોય, જેની સદ્‌વૃત્તિની પવિત્રતા અને પ્રકાશ ઊડીને આંખે વળગે તેવાં હોય તે જ છે. માણસની કુલીનતા કે ગૃહસ્થાઈના લક્ષણ નથી ધનસંપત્તિમાં, નથી સત્તા અધિકારમાં, નથી વિદ્યા પાંડિત્યમાં કે નથી કુળગોત્રમાં; પણ તેનાં મૂળબીજ તો સદ્‌વૃત્તિમાં જ સાંપડશે.

સત્ય–મહાસત્ય અંતિમ સત્યમાંથી જગતનો જન્મ થયો અને તે સત્ય પામવાને આપણે રાતદિ' મથામણ કરીએ છીએ; આ સત્ય ઉપર સદ્‌વૃત્તિનો પાયો છે. ઉદારતા ઉપર તેનો આધાર છે. ઉદારવૃત્તિ થવી કે ઉદારતા બતાવવી એ બહુ કપરું કામ છે; સહેલું નથી. સામાન્ય સાદી વાત કે બીજામાં પણ આપણે ન્યાયની તુલા જાળવી શકતા નથી. પક્ષપાત કર્યા વગર આપણું મન અટકતું નથી. પ્રેમ તો આપણે આપણા સ્વાર્થ માટે, ધન માટે, કીર્તિ માટે કે સત્તા માટે જ વાપરીએ છીએ! પણ આ યોગ્ય નથી. સદ્‌વૃત્તિ હોય ત્યાં પ્રેમનો ઉચ્ચ આશય દૃષ્ટિગોચર થાય જ.

જે માણસ ઊંચા વિચાર, ભાવના, આચરણ અને કર્તવ્ય માટે પોતાનું જીવન સમર્પે, સર્વસ્વનો ત્યાગ કરે, તે જ સદ્‌વૃત્તિવાળો છે; એવી એની કસોટી છે. ઉદારતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પ્રેમમાં સદ્વૃત્તિ આચારરૂપે પ્રત્યક્ષ થાય છે જેનામાં સદ્વૃત્તિના પાતાળકૂવાની સરવાણીઓ ફૂટે છે તે સદ્વૃત્તિ પ્રમાણે જ આચરણ કરવા પ્રેરાય છે. તેને લાભ અલાભ, જય અજય, લોકોની સ્તુતિ કે નિંદાની મુદ્દલ પરવા નથી. લોકોની તાળીઓનો ગડગડાટ તેનું ધ્યેયબિન્દુ નથી; પણ અંતઃકરણના નાદને વશ રહેવું તે છે.

જેનામાં સદ્વૃત્તિ છે તે માણસો મન, કર્મ અને વાણી ત્રણેમાં સરખી રીતે કલ્યાણમય અમૃતથી ભરેલાં હોય છે. તેમની ઉપકારવૃત્તિ, પરમાર્થવૃત્તિ, લોકોની સેવામાં નિમગ્ન બની રહે છે અને લોકોને પ્રસન્ન કરે છે. તે પારકાનાં છિદ્રોને નાના રાઈના દાણા જેવડા કરે છે. બલ્કે છિદ્રો તરફ ધ્યાન આપતા જ નથી. તે પારકાના ગુણોને પર્વત જેવડા કરી બતાવે છે.

સદ્વૃત્તિએ એક વાર મનમાં વાસ કર્યો કે પછી એ ખસતી નથી; તે કદી વિસારે પડતી નથી. તે બીજાને પ્રાણ–ચેતન આપે છે. સદ્વૃત્તિ એટલે મનુષ્યનો અમર દૈવી અંશ. જગતમાં વિશ્વાસ પ્રસરાવનારું તે એકમાત્ર તત્ત્વ છે, શક્તિ છે, કળ છે. મનની મલિનતા ધોઈને સાફ કરી નાખો, દુર્ગુણોને જડમૂળથી ઉખેડી નાખો, વક્રદષ્ટિનો–દોષદષ્ટિનો સદંતર ત્યાગ કરો, જગતની ઉજળી બાજુ હમેશાં જોવા યત્ન કરો, મનની સંકુચિતતા, સ્વાર્થાંધતા, ઇર્ષ્યાખોરીના અસુરને દેશનિકાલ કરો, એટલે તરત સદ્વૃત્તિના દિવ્ય ફિરસ્તાનો પરિચય–સાક્ષાત્કાર–આપોઆપ જ થશે. મનમાં રજમાત્ર પણ દુષ્ટતા ઘર કરી ગઇ તો સદ્વૃત્તિનો સગડ પણ મળવો મુશ્કેલ છે, કારણ ત્યાં વિશ્વાસનું પ્રફુલ્લિત, નિર્ભય, વાતાવરણ જ જામતું નથી. સારી વૃત્તિવાળા માણસનો જ સૌ ઇતબાર કરે છે. તેના આગળ તેઓ હૃદયના કબાટ ઉઘાડે છે. તેને જ જીવનનાં અમૂલ્ય કિંમતી રત્ન જવાહિરો સોંપે છે. આમ જીવનના વ્યવહારના કાર્યોમાં વિશ્વાસની ખાસ જરૂર ડગલે ને પગલે જણાય છે. જો અવિશ્વાસની ગંધ ફોરે તો ત્યાં વહેમના વમળો ઘૂમરી ખાઇને ઘૂમી વળે છે અને સર્વત્ર શંકાની દૃષ્ટિઓના ઉંદરડા દોડાદોડ મચાવી મૂકે છે.

સદ્વૃત્તિવાળો જીવનની સ્પર્ધામાં પહેલો આવે છે અને જીવે છે; તે જ સ્નેહ અને માન ખાટી જાય છે; જીવનકાર્ય સફળતાથી બજાવી જાય છે; અને જગતને પોતા ઉપરથી કંઈ બોધપાઠ ભણાવતો જાય છે. સદ્વૃત્તિવાળો માણસ આદર્શ–અરિસો–ગણાય છે. તેનામાંથી પ્રેરણા અને માર્ગદર્શન મળી રહે છે. લોકો એની વીરપૂજા તરફ ઢળે છે.

બુદ્ધિથી જ જીત મળે છે એવું નથી. બુદ્ધિવાન સામાનો પ્રેમ જીતી શકતો નથી. બુદ્ધિ–બુદ્ધિકુશળતા–એ મનની કસરત છે. પણ સદ્વૃત્તિનો પ્રેમ મેળવનાર જાદૂઇ ચીજ છે. કુશળતાને લોકો 'વાહ! વાહ!' થી વધાવશે, પણ સદ્વૃત્તિવાળાના તો તેઓ જીવનભર ગુલામ થઈ રહેવા તૈયાર બને છે. બુદ્ધિ, વિદ્યા, કુશળતા, ધનસંચય, પાંડિત્ય, સત્તા વગેરે સદ્વૃત્તિ વગરનાં લૂલાં પાંગળાં છે; સદ્વૃત્તિ હોય તો જ એ સૌ શોભે છે અને જગતને લાભરૂપ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમ્યગ્‌જ્ઞાનની કુંચી—

# પરમાત્માનું આધિરાજ્ય.

[ ગતાંક પૃષ્ઠ ૨૯૨ થી શરૂ. ]

વિદ્વેપ–નીતિનો અમલ શત્રુઓને ઉદ્દેશીને જ કોઇવાર ઇષ્ટ થઇ પડે છે. શત્રુપક્ષ સંક્ષોભજન્ય નિર્બળ સ્થિતિમાં હોય તો વિદ્વેષ–નીતિથી શત્રુપક્ષને પરાસ્ત કરવાનું કાર્ય અત્યંત સુકર થઇ પડે છે. ધાર્મિક દૃષ્ટિએ આ નીતિ માનપ્રદ નથી ગણાતી. સાંસારિક મહત્ત્વાકાંક્ષાઓને ભોગે સંખ્યાબંધ આત્માઓનાં ભાવિ શ્રેયમાં આ નીતિથી અંતરાયભૂત થાય છે અને એ રીતે આ નીતિ ધાર્મિક દૃષ્ટિએ અનિચ્છનીય છે. શત્રુના દેશમાં અરાજકતાની સ્થિતિ–અશાંતિ ઉત્પન્ન કરી વિજય મેળવવો એ ધર્મ–દૃષ્ટિએ માન્ય ઠરતું નથી.

મિત્રો કે આશ્રિતોના સંબંધમાં ભેદ–નીતિ અખત્યાર કરવી એ તો અન્યાયની પરાકાષ્ઠારૂપ છે. સુરાજ્યમાં બધાં ઇષ્ટ રાજકીય તત્ત્વોનો સુમેળ હોય છે. સુરાજ્યમાં કુસુંપરૂપી વિઘાતક તત્ત્વને કદાપિ સ્થાન ન જ હોય. સમસ્ત પ્રજાનાં કલ્યાણમાં જ દરેક પ્રજાજનનું હિત રહેલું છે એમ પ્રજાજનો યથાર્થ રીતે સમજી જાય એટલે ભેદ–નીતિ વધુ વખત ટકી શકતી નથી.

રાજ્ય કે સત્તાવાળાઓનાં ગૌરવને જોઇએ તે કરતાં વિશેષ મહત્ત્વ આપવું એ પણ એક મહાન્ દોષ છે. સત્તાવાળાઓનાં ગૌરવના અસત્ય સિદ્ધાન્તનું પાલન કરવા નિમિત્તે જો તેમના દોષને ઢાંકવામાં આવે કે એ દોષોનો ખોટો બચાવ પણ થાય તો પ્રજા અને રાજા વચ્ચેનો સંબંધ બગડવાનો ઘણો જ સંભવ રહે છે. કોઈ પણ રાજ્યે કોઇ જાતનો મહાદોષ કરનાર સત્તાવાળાના સંબંધમાં લેશ પણ ઉપેક્ષા ન કરવી જોઇએ. એમ કરવાથી રાજ્યની સ્થિરતા વધે છે. પ્રજાજનોમાં સંતોષ વ્યક્ત થાય છે, જે દોષ થયો હોય તેનું ઉન્મૂલન–સત્ય નિરાકરણ કરવાથી જ પ્રજાજનો શાન્ત થાય અને પ્રજાજનો અંતરથી રાજ્ય સાથે વિશેષ સહકાર પણ કરે. કાયદો અને વ્યવસ્થાનાં પાલનથી દેશમાં સર્વત્ર શાન્તિ ફેલાય છે. પ્રજાની સુખસંપત્તિ અનેક રીતે વધે છે.

પોતાના દોષોનું યથાયોગ્ય નિરીક્ષણ કરવું, એ આત્મસુધારણાનો એક પ્રધાન માર્ગ છે. દોષોનું નિરીક્ષણ બીજાઓની સુધારણા માટે ઇષ્ટ નથી. બીજાઓને પોતાના દોષ સ્વયમેવ જણાઇ આવે તે માટે બોધ કરતાં આચરણરૂપ પ્રત્યક્ષ દૃષ્ટાન્ત વિશેષ ઉપયુક્ત થઈ પડે છે. દૃષ્ટાન્તથી દોષનું યથાર્થ નિરીક્ષણ થતાં, ઘણા મનુષ્યો આત્મસુધારણાને પંથે પળે છે. કોઇ મનુષ્યને ક્રોધપૂર્વક કે તિરસ્કારથી બોધ આપવાથી કશુંયે વળતું નથી. ગંભીર વિચાર અને બુદ્ધિપૂર્વક અપાયલો ઉપદેશ જ ફલદાયી બને છે.

જીવનમાં સર્વ ક્ષેત્રોમાં પ્રવર્તમાન અનિષ્ટોનું નિવારણ કરવામાં, આધ્યાત્મિક પ્રભાવ સર્વથી વિશેષ કાર્યસાધક ઉપાય છે એમ આ ઉપરથી સ્પષ્ટ રીતે માલૂમ પડે છે. આધ્યાત્મિક પ્રભાવથી જ મહાપાપીઓ અને ચારિત્રભ્રષ્ટ મનુષ્યોની વાસ્તવિક સુધારણા કરી શકાય છે. સખત કાયદાઓના અમલથી ભયંકર ગુન્હાઓનું પ્રમાણ ભાગ્યે જ ઘટે છે. ગુન્હેગાર ગણાતાં સ્ત્રી–પુરુષોના જામીન લેવા વિગેરે પાપનિવારક મનાતી રીતિઓનું પરિણામ ભાગ્યે જ ચિરસ્થાયી નીવડે છે. કાયદા આદિના ભયનો લોપ થતાં, પાપીની પાપવૃત્તિ અત્યંત સતેજ થાય છે. તેનું પાપ–કાર્ય પાછું ચાલુ થાય છે.

એક વખતના નીતિમાન અને ચારિત્રશીલ મનુષ્યો અનીતિમાન અને ચારિત્રભ્રષ્ટ બને એનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણો તપાસતાં નીતિનો સિદ્ધાન્ત સર્વત્ર કેવી રીતે પ્રવર્તે છે તેનો કંઇક ભાસ આવી શકે છે. નૈતિક શિક્ષણથી કોઇ પણ પાપી મનુષ્યની સુધારણા થઇ શકે એમ પ્રતિત થાય છે. જે કારોબારી તંત્રમાં નૈતિક શિક્ષણને સ્થાન જ ન હોય અથવા જે કારોબારી તંત્રથી નીતિમાન મનુષ્યો ગુન્હેગાર બને છે તે કારોબારી તંત્ર સાવ નિરર્થક છે એમ કહી શકાય. એવાં તંત્રને કારોબારી તંત્ર ન કહીએ તો પણ ચાલે. નીતિના ઉચ્ચ સિદ્ધાન્તોનું યોગ્ય શિક્ષણ ગુન્હેગારોને મળવું જોઇએ. જે શાસનમાં ગુન્હેગારોને ઉચ્ચ પ્રતિનું નીતિશિક્ષણ નથી મળી શકતું તે શાસન દુઃશાસનરૂપ બની જાય છે. ગુન્હેગારો સ્વલ્પ દ્રવ્યાર્જન કરી શકે એવું કોઇ પ્રકારનું ઔદ્યોગિક શિક્ષણ આપ્યાથી પાપ–વૃત્તિ સર્વથા નિર્મૂળ નથી થતી. મનુષ્ય નીતિના સિદ્ધાન્તથી ઓતપ્રોત થઈ જાય, તેની રગેરગમાં નીતિનો સિદ્ધાન્ત વ્યાપી રહે તો જ મનુષ્ય અનીતિથી પર થાય છે. ગુન્હેગારોને ભય માત્ર શિક્ષાનો જ હોય છે. આથી પોતાનો ગુન્હો ન પકડાય તે માટે તેઓ બને તેટલા સાવચેત રહે છે. ગુન્હો ઢાંકવા માટે અનેક કાળાંધોળાં પણ કરે છે. શિક્ષાના ભયથી આ રીતે કોઈ ઇષ્ટ પરિણામ નથી આવતું. ગુન્હેગાર ઊલટો વિશેષ ગુન્હેગાર બને છે.

પાપીઓની સુધારણા માટે ધર્મ–શિક્ષણ અત્યંત આવશ્યક છે. આથી દરેક રાજ્યે ગુન્હેગારોને માટે ધર્મ–શિક્ષણનો યથાયોગ્ય પ્રબંધ કરવો ઘટે છે. ધર્મશિક્ષણથી આત્માનું સત્ય સ્વરૂપ સમજાય છે. આધ્યાત્મિક નિયમોની ઉપેક્ષારૂપ પાપનાં સંભવનીય અનિષ્ટ પરિણામોનો ગુન્હેગારને ખ્યાલ આવે છે. ગુન્હેગારોને યથાયોગ્ય ધર્મ–શિક્ષણ આપવામાં પ્રજાની સહાયની કેટલીક વાર અપેક્ષા રહે છે. ધર્મશિક્ષણનાં આ પુણ્યકાર્યમાં યથાયોગ્ય સહાય કરવી એ પ્રજાના નાયકોનું કર્તવ્ય થઇ પડે છે.

કોઇ પ્રવર્ત્તમાન અનિષ્ટનું કોઇ નવીન રીતિથી નિવારણ કરવાનો પ્રયત્ન કરતાં એ અનિષ્ટનું નિવારણ ભાગ્યે જ થાય છે. કોઇ વાર અનિષ્ટનું નિવારણ કંઇક અંશે થાય છે, તો બીજાં અનિષ્ટોનો પ્રાદુર્ભાવ થાય છે. જીવનનાં દરેક ક્ષેત્રોમાં વ્યાપ્ત રહેલાં અનિષ્ટોનું નિવારણ કરવાના પ્રયત્નો આમ નિરર્થક બને છે. તાત્પર્ય એ કે, અનિષ્ટનું ખરૂં નિવારણ આધ્યાત્મિક સહાયથી પર ન હોઇ શકે. દરેક અનિષ્ટનું વાસ્તવિક નિવારણ આધ્યાત્મિક સહાયથી જ થઇ શકે છે. વિવિધ પ્રકારનાં અનિષ્ટોનાં નિવારણ નિમિત્તે જાતજાતના કાયદાઓ થાય છે. આમ છતાં અનિષ્ટોનું ઉન્મૂલન નથી થતું. અનિષ્ટો એક પછી એક વધે છે. અનિષ્ટોનાં નિવારણ નિમિત્તે થતા કાયદાઓમાં કોઇ પણ પ્રકારની આધ્યાત્મિક પ્રેરણા ન હોવાથી જ આ પ્રમાણે અનિષ્ટો વૃદ્ધિંગત થાય છે. કાયદા બાંધનારાઓ આધ્યાત્મિક પ્રેરણાની ઉપેક્ષા જ કરે છે, કેટલાક એ પ્રેરણા સામે વિરોધ પણ દાખવે છે. કેટલાકમાં ઉચ્ચ પ્રતિની અનુકંપા નથી હોતી. આથી પ્રેમના સંસ્થાપનરૂપ ભ્રાતૃભાવના દિવ્ય સિદ્ધાન્તનું વિસ્મરણ થાય છે. સામ્યભાવ અને ન્યાયવૃત્તિનું ઉલ્લંઘન થાય છે.

આજના જડવાદીઓ બીજાઓને ન્યાય મળે એમ નથી ઇચ્છતા. પોતાને કે પોતાની જાતિને જ સંપૂર્ણ ન્યાય મળે એવી તેમની ક્ષુદ્ર અને સંકુચિત વૃત્તિ પ્રાયઃ હોય છે. આવા જડવાદીઓથી દુનિયામાં કે કોઇ દેશમાં શાન્તિ સ્થાપી શકાય એ અશકયવત્ છે. એટલું સારૂં છે કે, જડવાદીઓના મનોભાવ ભાગ્યે જ ફલિત થાય છે, ઊલટું તેમની અન્યાયી મનોવૃત્તિને અનુરૂપ શિક્ષા કુદરત તરફથી વહેલી મોડી જરૂર થાય છે. કુદરતની એ શિક્ષા કદાચ કોઇને દૃષ્ટિગોચર ન પણ થાય. આમ છતાં કુદરત શિક્ષા કરે છે એ તો સર્વથા સત્ય જ છે. કુદરત પાપી મનોભાવોના સંબંધમાં કેવી શિક્ષા કરે છે તે દીર્ઘદૃષ્ટિવાળા મનુષ્યોને પ્રાયઃ બોધગમ્ય છે, અત્યંત પાપી વિચારોની શિક્ષારૂપે કુદરત જગતને જમીનદોસ્ત પણ કરે છે એ નિઃશંક છે. સર્વ અનિષ્ટોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**૧. શ્રીહેમચંદ્રાચાર્ય**—લેખક : શ્રીયુત્ **ધૂમકેતુ** પ્રકાશક : **જૈનાચાર્ય** શ્રી આત્માનંદ શતાબ્દિ સ્મારક **ટ્રસ્ટ બોર્ડ** તરફથી મંત્રી, શ્રીયુત્ **મોહનલાલ દીપચંદ ચોકસી,** મુંબઇ, નં. ૩ ત્રાંબાકાંટો, વોરાનો જુનો માળો,

કોઇ પણ ધર્મનો પ્રચાર તેના પ્રણેતા કે ધર્માચાર્યમાં સંપૂર્ણ ત્યાગ, બ્રહ્મચર્ય, સરસ્વતી, રાજનીતિ અને ધર્મ એ બધાના સુમેળ વગર બની શકતો નથી. વર્તમાનકાળમાં જૈનાચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યમાં એ તમામની પૂર્ણતા અને અસાધારણપણું સર્વ હતું. આચાર્યમહારાજમાં ગુજરાતી તરીકે જે દેશાભિમાન, પ્રજાભિધાન હતું કે જે રીતે પોતાના યુગના રાજાઓ, પ્રજાઓ, વિદ્વાનો, સાહિત્યકારો વગેરેને પોતાના અસાધારણ ગુણો અને વિદ્વત્તાથી મહાન્ બનાવવાના અને પોતાના જીવનમાં મહાન્ જોવાની તીવ્રાભિલાષાને લીધે સર્વમાન્ય–સર્વદેશીય વિધવિધ પ્રકારનું વિશાળ સાહિત્ય રજૂ કર્યું છે. આચાર્યમહારાજના ચરિત્રો અંગ્રેજી, ગુજરાતી વગેરે અનેક લખાઇ ચૂકેલ હોવા છતાં, શ્રી ધૂમકેતુભાઇની આ નવીન કૃતિમાં ઉમેરો થતો હોવા છતાં, લેખક જૈનેતર હોવા છતાં પોતાના મંતવ્યોમાં કોઈ સ્થળે સાંપ્રદાયિક અંધતા જેમ પ્રવેશવા દીધી નથી તેમ સંપ્રદાયના માનસને આઘાત પહોંચે તેવું પણ કોઇ સ્થળે જોયું નથી. તેથી જ જૈન વિદ્વાનો આ આચાર્ય મહારાજના જીવનચરિત્રને સંપૂર્ણ સ્વરૂપમાં જે બતાવી નથી શક્યા, તે શ્રી ધૂમકેતુભાઇ આ ચરિત્ર લખવામાં બતાવી શકયા છે, તેટલું જ નહિ પરંતુ નિષ્પક્ષપાતપણે, સંશોધકબુદ્ધિએ જેમ લખાવું જોઇએ તે રીતે જ આ ચરિત્ર લેખક ભાઇ લખી શક્યા છે.

શ્રી હેમચંદ્રાચાર્યનું ચરિત્ર લખવામાં લેખક મહાશય વસ્તુને સુસંગત રીતે આલેખવામાં જે નિપુણતા, રસસિંચનતા અને ભાવપૂર્ણતા લાવ્યા છે તેમ કોઈ અન્ય લેખક આ રીતે લાવી શકયા હોય તેમ જોઇ શકાતું નથી.

---

નિવારણ કરી શાન્તિનું સામ્રાજ્ય સ્થાપવું એ સત્ય રાજકારણનો પ્રધાન ઉદ્દેશ હોય છે. સત્ય રાજકારણનું દૃષ્ટિબિન્દુ સર્વદા વ્યાપક અને જગતને કલ્યાણકારી હોય છે.

જે મનુષ્યોમાં ખરી આંતરિક વિશુદ્ધિ હોય છે તેઓ દરેક સત્કાર્ય ગુપ્ત રીતે જ કરે છે. દંભી મનુષ્યો મહાન્ અને પવિત્ર ગણાવાની લાલસાથી, જે તે સત્કાર્ય જાહેર રીતે કરે છે. જનતાની પ્રશંસા ભાગ્યે જ હાર્દિક હોય છે. એ ક્ષુદ્ર પ્રશંસામાં સુખ કે આનંદ માનવાની વક્ર વૃત્તિથી મુક્તિ આદિ મળે એ સર્વથા અસંભાવ્ય છે. જનતાનાં પ્રમાણપત્રથી કોઇને મુક્તિ મળે એ કોઇ કાળે સંભવિત નથી.

પરમાત્માના અધિરાજ્ય વાંછુકોમાં ઇંદ્રિય–સુખ આદિની લાલસા નથી હોતી. તેઓ ઇંદ્રિય–લાલસાઓનો સર્વથા ઉચ્છેદ કરે છે. ઇંદ્રિયજન્ય લાલસાઓ અને સર્વ પ્રકારનાં ભૌતિક સુખો અશાશ્વત હોવાથી ઇંદ્રિય–લાલસાઓ આદિમાં તેમને કશોયે મોહ નથી થતો. ઇંદ્રિયલાલસાઓનું સ્વરૂપ જ એવું છે કે, એના વ્યામોહથી દુ:ખ જ થાય. ઇંદ્રિય લાલસાઓની સંલગ્નતા સર્વદા દુ:ખદાયી નીવડે છે. આથી એની સંલગ્નતા સર્વથા પરિહાર્ય થઇ પડે છે. સંલગ્નતા તો આત્માની જ હોય. આત્માની દિવ્ય સંલગ્નતા જ પરમ સુખમય અને કલ્યાણકારી છે.

( ચાલુ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય મહારાજ તે જમાનાના મહાન જ્યોતિર્ધર, મહાન સંસ્કૃતિધર, અપૂર્વ વિદ્વત્તા ધરાવનાર, તેમજ જૈનધર્મ કેટલો વિશાળ, ઉદાર અને પ્રાણીમાત્રનું હિત ધરનાર છે તે શ્રી આચાર્ય પ્રભુએ પોતાના જીવનમાં રાજાઓ, પ્રજાઓ, વિદ્વાનો વિગેરેને બતાવી આપ્યું છે. તેથી જ કલિકાલસર્વજ્ઞના બિરુદને સંપૂર્ણ યોગ્ય હતા એ વાત સર્વમાન્ય સિદ્ધ છે. આ જીવનચરિત્ર એટલું જ પ્રમાણિકપણે સર્વાંગસુંદર સત્ય સ્વરૂપે લખાયેલું છે કે જે વાચકને વારંવાર વાંચતા પણ તૃપ્તિ થતી નથી. આ ગ્રંથ માટે વધારે પ્રશંસા કરવા કરતા કોઇ પણ જૈન બંધુને વાંચવાની ભલામણ કરીએ છીએ. આ ચરિત્ર લખવામાં લેખક મહાશયે જે તટસ્થતા જાળવી છે તેથી જૈનેતર વિદ્વાનો સાહિત્યકારો વગેરેને પણ તે વાંચવાની જિજ્ઞાસા થાય તે સ્વાભાવિક છે.

જૈનદર્શનમાં આ કાળમાં ઘણાં વિદ્વાન મહાપુરુષો થઇ ગયા છે. એવા અસાધારણ વિદ્વાન ત્યાગી મહાત્માઓની જીવનગાથા-જ્ઞાનગાથા ગુજરાત સમક્ષ મૂકવા માટે આ સંસ્થાની બોર્ડને અને અન્ય સંસ્થાઓને ખાસ વિનંતિ કરીએ છીએ. કિંમત રૂા. ૧-૮-૦

**૨. શ્રી જૈન સિદ્ધાન્ત બોલ સંગ્રહ (પ્રથમ ભાગ)** સંગ્રહકર્ત્તા ભૈરોદાન શેઠીયા. પ્રકાશક, શેઠીયા જૈન પારમાર્થિક સંસ્થા-બીકાનેર. કિંમત એક રૂપીયો.

આ ગ્રંથમાં ૪૨૩ વિષયો કે જે ચારે અનુયોગમાં વહેંચાયેલા છે, તે પ્રાયઃ આગમગ્રંથોના આધાર પર લખાયેલા છે અને સૂત્રોની સાક્ષીઓ આપી પ્રમાણિક બનાવેલ છે. પછી અકારાદ્ય અનુક્રમણિકા પણ શરૂઆતમાં આપી જિજ્ઞાસુઓના પઠનપાઠનમાં સરલ બનાવેલ છે. આવા ગ્રંથોથી વાચકો વિવિધ વિષયોનું જ્ઞાન મેળવી શકે છે. આવો સંગ્રહ ઉપયોગી માનીએ છીએ અને મનનપૂર્વક વાંચવાની ભલામણ કરીએ છીએ. જે સુંદર ટાઇપ અને પાકા બાઇંડીંગથી તૈયાર કરવામાં આવેલ છે.

## આ સભા તરફથી હાલમાં પ્રસિદ્ધ થયેલ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર સંબંધી અભિપ્રાય.

**વયોવૃદ્ધ શાંતમૂર્ત્તિ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજ આ ગ્રંથ માટે શું કહે છે ?**


**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર**

ધર્મલાભની સાથે માલૂમ થાય કે આજરોજ તમારા તરફથી ગ્રંથરત્ન **પ્રભુશ્રી વાસુપૂજ્યચરિત્રની** ચોપડી અમોને મળી છે. જોતાં જ અને દર્શન કરતાં જ આનંદ ભરાઇ ગયો અને મથાળું વાંચવાનું મુહૂર્ત્ત પણ કર્યું છે. હવે આગળ વાંચી આનંદરસના પ્યાલા પીવામાં આવશે. કામ બહુ જ સારૂં થયું છે. તથા ધ. **શ્રા. શાહ માણેકલાલ ચુનીલાલ જે. પી.** તેઓના ઉદારતાનો પણ આનંદરસ પીવામાં આવે છે. તેઓ જૈન શાસનમાં ભક્તજન છે. તેઓનું નામ ઘણી વખત વાંચી અમો આનંદમાં વૃદ્ધિ કરીએ છીએ. **તેમજ આજરોજ માસિક પણ મળ્યું છે. તેમાં લેખો પણ સારા છે. તે આજ વાંચ્યા છે. તમો પરમ ગુરુમહારાજની ભક્તિમાં આટલો આનંદ લ્યો છો અને બીજાને આપો છો તે સર્વાનંદી છે.** અમો આનંદમાં છીએ.

**૩. વિક્રમચરિત્ર યાને કૌટિલ્ય વિજય**-પંડિત શ્રી શુભશીલગણીકૃત. પ્રકાશક, મહેતા નાગરદાસ પ્રાગજી-દોશીવાડાની પોળ, અમદાવાદ. સંવત ૧૪૯૯ માં ગ્રંથકર્ત્તા મહારાજે આ ગ્રંથ રચેલો જણાવે છે. બે ખંડ અને બાર સર્ગમાં વહેંચાયેલ આ ગ્રંથમાં વિક્રમ રાજાનું ચરિત્ર આપવામાં આવેલ છે. ચરિત્રનાયક જૈનધર્મના કેવા રાગી અને ધર્મનું પાલન કરનાર હતા તે અને સાથે કથાના અનેક પ્રસંગો જાણવા જેવા વાચકને મળી રહેશે. પ્રકાશકનો પ્રયત્ન યોગ્ય છે. કિંમત ત્રણ રૂપીયા. પ્રકાશકને ત્યાંથી મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## પંજાબ સમાચાર.

ખાનગાડોગરામાં આચાર્યવર્ય **શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ સપરિવાર પધારવાથી પ્રજામાં અજબ ઉત્સાહ ફેલાઇ ગયેલ છે.

આચાર્યશ્રીજીના સદુપદેશથી શ્રી શાંતિનાથ પ્રભુનું મંદિર બંધાઇ તૈયાર થઇ ગયું હતું. આ વર્ષે આચાર્યશ્રીજીના પધારવાથી નિર્વિઘ્નપણે સાનંદ પ્રતિષ્ઠા થઇ છે. આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં કુંભસ્થાપન, જલયાત્રા, નવગ્રહ-દશ દિક્પાલ, ધ્વજા, કળશ આદિ પૂજન-અભિષેક વિગેરે વિધિવિધાન શાસ્ત્રાનુસાર થયા. પાંચમે રથયાત્રાનો વરઘોડો ધામધૂમથી ચઢાવવામાં આવ્યો. ગુજરાંવાલાથી આવેલ ચાંદીના પ્રભુના રથને યુવકોએ ઉત્સાહથી ખેંચતા જનતાને આકર્ષી લીધી હતી.

મહા વદિ છઠ તા. ૧૭-૨-૪૧ સોમવારે શુભ મૂહુર્તમાં શ્રી શાંતિનાથ પ્રભુને તખ્તનશીન કરવામાં આવ્યા. બપોરે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું.

પ્રતિષ્ઠા સંબંધી વિધિવિધાન કરાવવા વલાદથી શેઠ ફુલચંદ ખીમચંદ પોતાના સુપુત્ર ભુરાભાઇ અને ભોજક હેમચંદની સાથે પધાર્યા હતા. ખાનગાડોગરા શ્રી સંઘે આવનાર ભાઇઓની ભક્તિ કરવામાં ખામી નહોતી રાખી.

મંડપમાં આચાર્યશ્રીજીના મનોહર વ્યાખ્યાનો અને રાતના પણ ભાષણો અને સુંદર ભજનો થયાં હતાં.

પંજાબ દેશમાં રથયાત્રામાં ઊઘાડા પગે ચાલવાનો જ રિવાજ છે પણ આ વખતે તો આચાર્યશ્રીજીના ઉપદેશના પ્રતાપે બેન્ડવાજાવાળાઓએ મુસલમાન હોવા છતાં ઉઘાડા પગે ચાલી સહાનુભૂતિ પ્રદર્શિત કરી હતી.

આ શુભ પ્રસંગે કસાઇ લોકોએ પોતાની રાજીખુશીથી દુકાનો બંધ રાખી લાગણી બતાવી હતી. પ્રજાનો સહકાર પણ પુરતો હતો.

## ચાતુર્માસની વિનંતિઓ.

પટ્ટી-મુલતાન આદિના શ્રી સંઘોએ સભામાં ઉભા થઇ ચાતુર્માસ માટે આચાર્યશ્રીજીને વિનંતિઓ કરી હતી. એના જવાબમાં આચાર્યશ્રીજીએ જણાવ્યું કે ક્ષેત્રસ્પર્શના હશે તો પટ્ટી ચૌમાસું કરવા ભાવ છે.

પ્રતિષ્ઠાની શરૂઆતના દિવસોમાં આકાશ વાદળાઓથી ઘેરાયેલું રહેતું; પરંતુ શ્રીગુરુદેવ અને શાસનદેવની દયાથી સર્વે કાર્યો સાનંદ પતી ગયા પછી છઠની રાતના વરસાદ વરસ્યો. આથી પણ જૈન ધર્મની ઘણી જ પ્રભાવના થઇ.

## વસ્તીગણત્રીના અંગે.

જાહેર સભામાં વસ્તી ગણત્રીના અંગે આચાર્યશ્રીજીએ ખુલાસો કરતાં જણાવ્યું કે આજકાલ વસ્તીગણત્રીના અંગે છાપાઓમાં ચર્ચા ચાલ્યા કરે છે અને ઘણાઓ પૂછાવે છે જેથી મને આ સંબંધમાં સ્પષ્ટ ખુલાસો કરવાની જરૂર જણાય છે કે, જૈનોએ ધર્મના ખાનામાં પોતાને જૈન લખાવવા અને જાતિના ખાનામાં ઓસવાલ, પોરવાલ, શ્રીમાલ, ખંડેરવાલ, અગ્રવાલ આદિ જે જાતિ હોય તે લખાવવી. અને સાથે હિન્દુ શબ્દ જરૂર લખાવવો. જેમકે હિન્દુ ઓસવાલ યા ઓસવાલ હિન્દુ વિગેરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનોને હિન્દુઓથી જુદા પડવામાં કંઇ ખાસ લાભ જણાતો નથી. જૈન કોઇ જાતિ નથી, પણ જૈન તો ધર્મ છે. જૈનધર્મને પાળવાવાળો જૈન કહી શકાય. જાતિમાં ગમે તે હોય. ઇત્યાદિ વિગતવાર સમજાવ્યું હતું. આચાર્યશ્રીજી અહીંથી વિહાર કરી રામનગર પધારશે. લાલા તિલકચંદ જૈન લાહોરથી સંઘ લઇને આ અવસરે આવશે. સ્યાલકોટનો પણ ઘણો જ આગ્રહ છે. બને તે ખરૂં. હાલમાં પત્રવ્યવહાર નીચેના શીરનામે કરવો. મારફત શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ મુ. ગુજરાંવાલા (પંજાબ.)

(મળેલું)

## આનંદજનક સમાચાર.

### મુનિરાજ શ્રી જિનભદ્રવિજયજી (ભૂતકાળના શેઠ જીવણચંદભાઈ ધરમચંદ ઝવેરી)

સુરતનિવાસી શ્રી ધરમચંદ ઉદયચંદ ઝવેરી ઝવેરાતના (મોતીના ખાસ) વ્યાપારી તરીકે પ્રખ્યાત હતા, તેમ તે શહેરના ધર્મીકુટુંબ તરીકે તે કુટુંબ હજી સુધી પ્રશંસનીય ગણાય છે. તેમના સુપુત્ર શ્રી જીવણચંદભાઇએ ગૃહસ્થપણામાં પિતાના પગલે ચાલી ધર્મી ગણાતાં કુટુંબની ધર્મપ્રણાલિકામાં વધારો કર્યો; તેટલું જ નહિ પરંતુ માતૃપિતૃભક્ત તરીકે પણ યશસ્વી નિવડ્યા. સાથે પોતાની આર્થિક સ્થિતિ અને જાહોજલાલીમાં પણ કોઇ પણ કુછંદમાં નહિ પડતાં ગૃહસ્થપણામાં તેઓ દાનવીર તરીકે પ્રખ્યાત હતા. ધર્મશ્રદ્ધા પણ અપરિમિત હતી. શાંત, માયાળુ, સરળહૃદયી અને શ્રાવકધર્મનું પાલન પણ યોગ્ય રીતે કરતા હતા. પૂર્વના અશુભ કર્મના ઉદયે વ્યાપાર અને આર્થિક સ્થિતિમાં છેક ઊતર્યા છતાં. ધર્મપ્રવૃત્તિ પ્રથમની જેમ અબાધિત રહી. સામાયિક, દેવપૂજા, પ્રતિક્રમણ જેમ તેમનો નિરંતરનો વિષય હતો તેમ તિથિઓએ પણ યથાશક્તિ તપ પણ કરતાં હતાં. કર્મે ધક્કો માર્યો છતાં ખિન્નતા નહિ ધરતાં કર્મસ્વરૂપનો વિચાર કરતાં શાંતિ ધારણ કરી નિરંતર ધર્મપ્રવૃત્તિમાં આદર જ હતો. વૈરાગ્યવાસિત હૃદય પરિચિત મનુષ્યને જણાતું હતું. આવી સ્થિતિનો આત્મા છેવટ ત્યાગવૃત્તિ જ સ્વીકારે. કારણ કે કુટુંબસંસ્કાર તેમ કરવા જણાવતું. છ માસ પહેલાં આ સભાના માનનીય પ્રમુખશ્રીને એક પત્ર તેઓશ્રી થોડા વખતમાં દીક્ષા લેવાના છે તેમ મળ્યો. આશ્ચર્યપૂર્વક આનંદ થયો અને તે શુભ અવસર ગયા માસની વદિ ૧૦ ના રોજ આવી ઊભો. મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ(ત્રિપુટી)ની પાસે વિજય મુહૂર્તે બામણવાડા પોતે અમદાવાદથી સાધુવેષ સાથે લેતા ગયેલા તે પહેરી લીધો. વિજય મુહૂર્તે ચારિત્ર અંગીકાર કરી મનુષ્યજન્મનું ઉત્તમ રીતે સાર્થક કર્યું. ધન્ય એ પુરુષને! આ સભા તે માટે પોતાનો આનંદ જાહેર કરતા અનુમોદના કરે છે અને પરમાત્માની પ્રાર્થના કરે છે કે શ્રી જિનભદ્રવિજયજી મહારાજ દીર્ઘાયુ થઇ–પ્રભાવક પુરુષ થઇ જૈનશાસનની પ્રભાવના કરે!!!

## ભાઈ હરગોવિંદદાસ લક્ષ્મીચંદનો સ્વર્ગવાસ.

ભાઇ હરગોવિંદદાસ સુમારે પીસ્તાલીસ વર્ષની ઉમરે થોડા દિવસની બિમારી ભોગવી પંચત્વ પામ્યા છે. તેઓ સ્વભાવે માયાળુ અને મીલનસાર હતા અને ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળા હતા. આ સભાના તેઓ સભાસદ બંધુ હોવાથી સભાને તો એક લાયક સભાસદની ખોટ પડી છે. તેમના કુટુંબને દિલાસો દેવા સાથે તેમના આત્માને પરમશાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇશ્વર પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મગ્રંથ ભાગ ૧-૨ સંપૂર્ણ.

૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત પ્રથમ ભાગ રૂા. ૨-૦-૦

૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪-૦-૦

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષે આ બંને ગ્રંથોમાં કર્યું છે જે હકીકત પ્રસ્તાવનામાં જણાવેલ છે. અને આ ગ્રંથની રચના સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોષ, શ્વેતાંબરીય કર્મતત્ત્વ વિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે, તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટ્રીક કાગળો ઉપર સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬-૦-૦. પોસ્ટેજ જુદું.

---

## ઘણી જ થોડી નકલો સીલીકે છે.

## સ્ત્રી ઉપયોગી સુંદર ચરિત્ર—

# સતી સુરસુંદરી ચરિત્ર.

( લેખક : રા. સુશીલ )

**( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્દભુત રસિક કથાગ્રંથ. )**

આ ગ્રંથના મૂળ કર્તા શ્રી ધનેશ્વર મુનિની આ સ્ત્રી ઉપયોગી કથાની રચના જૈન કથાસાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. વૈરથી ધગધગતા અને રાગ-મોહથી મુંઝાતા હૈયાને શાંત બનાવવાની કલાકુશળતા અને તાર્કિકતા કર્તા વિદ્વાન મહારાજે આ ગ્રંથમાં અદ્દભુત રીતે બતાવી છે, જેથી બહેનો અને બંધુઓ સર્વેને એક સરખી રીતે ઉપયોગી બનેલ છે. પ્રાચીન શૈલીએ લખાયેલી આ કથાને બની શકે ત્યાં સુધી આધુનિક શૈલીએ મૂળ વસ્તુ અને આશય એ તમામ સાચવી સરલ રીતે આ ગ્રંથની રચના કરવામાં આવી છે.

કથારસિક વાચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા-ચરિત્ર પછી કેવળી ભગવાનની ઉપદેશધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશશ્લોકો ( મૂળ સાથે ભાષાંતર ) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ પ્રગટ કરેલ છે.

રસદ્રષ્ટિ, ઉપદેશ, ચરિત્ર-કથા અને પ્રાચીન સાહિત્યની દષ્ટિએ આ ગ્રંથ એક કિંમતી અણમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટ્રીક પેપર ઉપર સુંદર અક્ષરો અને રેશમી કપડાના સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૧-૮-૦ પોસ્ટેજ અલગ.

**લખો—શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

અવશ્ય મંગાવો. **શ્રીપાળ રાજાનો રાસ.** ઘટાડેલી કિંમત.

એમ તો શ્રીપાળ રાજાના રાસની ઘણી આવૃત્તિઓ આજ સુધીમાં જુદા જુદા પ્રકાશકોએ બહાર પાડી છે. એ છતાં અમારા તરફથી બહાર પડેલ છે તે રાસને શા માટે શ્રેષ્ઠ સ્થાન મળ્યું તે તમો જાણો છો? આ રાસમાં નવપદજી મહારાજનું યંત્ર ખૂબ શોધ કરીને રજૂ કરવામાં આવ્યું છે. સાથે આ રાસમાં વાંચકોની સરલતા માટે તેમ જ આકર્ષણ માટે ખાસ નવા ચિત્રો તૈયાર કરાવી મૂકવામાં આવેલ છે. તેમજ–

નવપદજી મહારાજની પૂજા, દોહા, નવપદજીની ઓળીની સંપૂર્ણ વિધિ, ઉપયોગી સંગ્રહ પણ આમાં રજૂ કરવામાં આવ્યાં છે. એટલે નવપદજી મહારાજની ઓળીના આરાધન સમયે આ એક જ રાસ દરેક જાતની સગવડતા પૂરી પાડે છે.

અમો બીજાના છપાવેલા આ રાસ લઈ વ્યાપારીદૃષ્ટિએ વેચતા નથી, પરંતુ અમો પોતે જ સારા કાગળો, સુંદર અક્ષરો, આકર્ષક ચિત્રો, સુશોભિત પાકા ટકાઉ કપડાના બાઇન્ડીંગથી જ માત્ર સાહિત્યપ્રચારની દૃષ્ટિએ બને તેટલા શુદ્ધિપૂર્વક છપાવી અને મોટો ખર્ચ કરી તૈયાર કરેલ હોવા છતાં પણ અમારા છપાવેલા આ રાસની બીજા સાથે સરખામણી કરી લેવા ભલામણ છે.

શુદ્ધ અને સારો રાસ વસાવવાની ઇચ્છાવાળા દરેક કુટુંબોમાં અમારા રાસને સ્થાન મળેલ છે. તમોએ જો આજ સુધીમાં આ રાસ ન વસાવ્યો હોય તો આજે જ મંગાવો. બીજા રાસાઓ કરતાં આ રાસમાં ઘણી જ મહત્તા છે અને આકર્ષક છે. મૂલ્ય પણ તેના પ્રમાણમાં નામનું જ છે.

**પાકું રેશમી પૂંઠું રૂ. ૨–૦–૦ :: પાકું ચાલુ પૂંઠું રૂ. ૧–૪–૦ પોસ્ટેજ જુદું.**

---

**શ્રી નવપદની પૂજા**

( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત )

પ્રભુભક્તિમાં તલ્લીન થઈ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે પૂર્વાચાર્યપ્રણીત પૂજાઓ એક વિશિષ્ટ કારણ છે. એવા હેતુથી જ **શ્રીમદ્ યશોવિજયજી મહારાજકૃત નવપદની પૂજા** અમોએ તેના **ભાવાર્થ, વિશેષાર્થ** અને **નોટ** સાથે તૈયાર કરી પ્રગટ કરેલ છે. સાથે **શ્રી નવપદજીનું મંડલ** તે તે પદોના વર્ણ–રંગ અને તેની સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી શાહની વેલ વગેરેથી તથા **શ્રી નવપદજીનો યંત્ર** કે જે આયંબીલ–ઓળી કરનારને પૂજા કરવા માટે ઉપયોગી છે તે બંને છબીઓ ઊંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણી સુંદર, સુશોભિત અને મનોહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેની સંપૂર્ણ **ક્રિયાવિધિ ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ** અને સાથે **શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ** અને **શ્રીમાન્ આત્મારામજી મહારાજકૃત નવપદજીની પૂજાઓ** દાખલ કરેલ છે. ઊંચા એન્ટ્રીક પેપર ઉપર ગુજરાતી સુંદર જુદા જુદા ટાઇપોથી છપાવી ઊંચા કપડાના બાઇન્ડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત ઉપર દૃષ્ટિ નહિ રાખતા ગ્રંથની અધિકતા. ઉપયોગી વસ્તુઓની વિવિધતા અને સર્વ સુંદરતાનો ખ્યાલ નજરે જોવાથી ખરીદ કરી મુકાબલો કરવાથી જણાય છે.

અમોએ છપાવેલ આ બુક કેટલો મોટો ખર્ચ કરી પ્રકટ કરેલ છે છતાં સુંદર સાહિત્ય પ્રચારકાર્યની દૃષ્ટિએ તેની કિંમત રાખેલ છે. :તેમાં કિંમત માટે કે બીજીએ દૃષ્ટિએ લલચાવવાનો હેતુ રાખેલો નથી.

**કિંમત રૂ. ૧–૪–૦ પોસ્ટેજ અલગ.**

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only